GJAH150001862
017

| | | | |
|---|---|---|---|
| કેસ મળ્યા ની તારીખ | **૧૮-૦૩-૨૦૦૬** | | |
| કેસ દાખલ તારીખ | **૧૮-૦૩-૨૦૦૬** | | |
| કેસ ફેસલ તારીખ | **૨૩-૦૪-૨૦૨૬** | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૨૦** | **૦૧** | **૦૫** |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં. સી-૨૦૦૧-૯૩, તારીખ- ૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ.**

**FORM-A**

---

**દેત્રોજના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., સાહેબની કોર્ટમાં, દેત્રોજ**

---

**શ્રી એચ.એસ.રાઠોડ, પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., દેત્રોજ**

---

**(ચુકાદા તારીખ-૨૩-૦૪-૨૦૨૬)**

**નવો ક્રિમીનલ કેસ નં.૧૭૨-૨૦૧૭**

**જુનો ક્રિમીનલ કેસ નં.૩૫૩-૨૦૦૬**

**આંક-**

| **એફ.આઇ.આર ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેત્રોજ |
| ગુનો | ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૭, ૪૬૮, ૪૭૧,૪૨૦,૧૧૪ મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત | ઉપર મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | **શ્રી આઇ.એ. સૈયદ** |
| આરોપી/આરોપીઓ | **(૧)ખોડાજી શંકરજી ઠાકોર(એબેટ)**<br>**(૨)અંબાલાલ મગનલાલ વાળંદ** |

| | |
|---|---|
| | રહે.ભટારીયા,તા.દેત્રોજ,જિ.અમદાવાદ. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | **એ.એમ.સોલંકી** |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૨૪-૦૭-૧૯૯૭ પછી કોઈ પણ સમયે |
| ફરીયાદની તારીખ | ૨૯-૧૧-૨૦૦૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૮-૦૩-૨૦૦૬ |
| તહોમત/પ્લી ફરમાવ્યા તારીખ | ૧૩-૦૮-૨૦૧૪ |
| પુરાવો શરુ કર્યા તારીખ | ૧૦-૧૨-૨૦૨૪ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | - |
| ચુકાદા તારીખ | **૨૩-૦૪-૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | - |

| **આરોપી નંબર** | **આરોપીનુ નામ** | **ઘરપકડ ની તારીખ** | **જામીન મુકિતની તારીખ** | **ક્યાં ગુનાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર?** | **કરવામાં આવેલ સજા** | **ક્રિ.પ્રો.કો. કલમઃ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે.** |
|---|---|---|---|---|---|---|---|
| **૨.** | **અંબાલાલ મગનલાલ વાળંદ** | ૧૬. ૦૩. ૨૦૦૬ | ૧૩. ૦૪. ૨૦૦૬ ના રોજ જામીન મુકત થયેલ છે. | ભારતીય દંડ સંહિતા ની કલમ-૪૬૭, ૪૬૮,૪૭૧,૪૨૦, ૧૧૪ મુજબ. | તમામ ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. | - | - |

## FORM-C

### ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

**(એ) ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવા**

| અનુ.નં. | વિગત | | આંક |
|---|---|---|---|
| ૧ | વિરભદ્રસિંહ ખોડુભાની જુબાની | સાહેદ | ૫૧ |
| ૨ | સોમાભાઇ કાનભાઇ ચૌહાણની જુબાની | સાહેદ | ૬૨ |
| ૩ | અજયસિંહ હરદયસિંહની જુબાની | ત.ક.અ. | ૬૫ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| અનુ.નં. | | આંક |
|---|---|---|
| - | - | - |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**ફરીયાદપક્ષ તરફ આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાઃ-**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | લેખિત અરજી | ૫૨ |
| ૨ | લેખિત અરજીનો લેખિત જવાબ | ૫૩ |
| ૩ | લેખિત તપાસ અહેવાલ | માર્ક-એ |
| ૪ | ધિરાણ પત્રકો | માર્ક-બી |
| ૫ | સદર ફરિયાદ નોંધાવવાનો હુકમ | માર્ક-સી |
| ૬ | લેખિત ફરિયાદ | માર્ક-ડી |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**મુદ્દામાલની વિગત**

| અનુ.નં. | વિગત |
|---|---|
| - | - |

**-::ચુકાદો::-**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓ એ તા.૧૪-૦૭-૧૯૯૭ પછી કોઈ પણ સમયે મોજે ભટારીયા ગામે મરણ ગયેલ સભાસદો (૧) સોમાજી માધાજી ઠાકોર (૨) ગલાજી હરીજી ઠાકોર બન્ને મરણ ગયેલ હોવા છતાં તેમના નામે ખોટો દસ્વાવેજ ઉભો કરી ખોટી સહી અંગુઠા કરી રેકર્ડમાં ચેડા કરી રુા.૩,૯૯,૩૦૦/- (અંકે રુપિયા ત્રણ લાખ નવ્વાણું હજાર ત્રણસો પુરા) ઉપાડ કરી પોતાના અંગત ખર્ચમાં વાપરી મંડળી સામે છેતરપીંડી કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી,ગુનો કરેલ હોય ભારતીય દંડ સંહિતાની કલમ:૪૬૭,૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૧૪ મુજબની ફરિયાદ નોંધવા માં આવેલ.

**(૨)** ફરિયાદીની ફરિયાદના આધારે દેત્રોજ પોલીસ સ્ટેશનના ફગુ,રુજી, નં. ૭૭/૨૦૦૫ થી તારીખ: ૨૯-૧૧-૨૦૦૫ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ:૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરેલો. ત્યારબાદ તપાસમાં આરોપી મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસની તપાસ પૂરી થતા પોલીસે

સી.આર.પી.સી.ની કલમ : ૧૭૩ મુજબ આરોપી વિરુધ્ધ ભારતીયદંડ સંહિતાની કલમ: ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૧૪ મુજબના ગુનાના તહોમતનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ.

**(૩)** આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતા તેઓ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીઓની ભારતીય દંડ સંહિતાની કલમ: ૪૬૭,૪૬૮, ૪૭૧, ૪૨૦,૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું આંક:૦૩ થી તેમજ પ્લી આંક:૦૪ તથા આંક-૦૫ થી નોંધતા આરોપીઓએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે. જેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે. વધુમાં સદર કેસની ટ્રાયલ દરમિયાન આરોપી નં.૧ ખોડાજી શંકરજી ઠાકોરનાઓ મરણ થયેલ હોય જેથી તેઓના સામે સદર કેસ એબેટ કરી, અન્ય આરોપી સામે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૪)** ત્યારબાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ :૩૧૩ મુજબની જોગવાઈઓ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

**(૫)** ત્યારબાદ પક્ષકારોના વિ. વકીલ શ્રી એ.પી.પી.શ્રી આઈ.એ.સૈયદ નાઓએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓ એ તા.૧૪-૦૭-૧૯૯૭ પછી કોઈ પણ સમયે મોજે ભટારીયા ગામે મરણ ગયેલ સભાસદો (૧) સોમાજી માધાજી ઠાકોર (૨) ગલાજી હરીજી ઠાકોર બન્ને મરણ ગયેલ હોવા છતાં તેમના નામે ખોટો દસ્વાવેજ ઉભો કરી ખોટી સહી અંગુઠા કરી રેકર્ડમાં ચેડા કરી રુ.૩,૯૯,૩૦૦/- (અંકે રુપિયા ત્રણ લાખ નવ્વાણું હજાર ત્રણસો પુરા) ઉપાડ કરી પોતાના અંગત ખર્ચમાં વાપરી મંડળી સામે છેતરપીંડી કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ગુનો કરેલ હોય અને તેમ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ હોય, આરોપીઓને સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

**(૬)** ત્યારબાદ બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી એમ.એમ.સોલંકીનાઓને ખુબજ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૭)** આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-<u>:: મુદ્દાઓ ::-</u>**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ એ તા.૧૪-૦૭-૧૯૯૭ પછી કોઈ પણ સમયે મોજે ભટારીયા ગામે મરણ ગયેલ સભાસદો (૧) સોમાજી માધાજી ઠાકોર (૨) ગલાજી હરીજી ઠાકોર બન્ને મરણ ગયેલ હોવા છતાં તેમના નામે ખોટો દસ્વાવેજ ઉભો કરી ખોટી સહી અંગુઠા કરી રેકર્ડમાં ચેડા કરી રૂા.૩,૯૯,૩૦૦/- (અંકે રુપિયા ત્રણ લાખ નવ્વાણું હજાર ત્રણસો પુરા) ઉપાડ કરી પોતાના અંગત ખર્ચમાં વાપરી મંડળી સામે છેતરપીંડી કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ:૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૮)** ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**-<u>:: નિર્ણયો ::-</u>**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

-:: કારણો ::-

**(૯) મુદ્દા નં. ૧-**

**ફરીયાદી પક્ષે રજુ થયેલ પુરોવા:-**

**(૯.૧)** આ કામે ફરિયાદપક્ષે સાહેદ વિરભદ્રસિંહ ખોડુભા વાઘેલાનાઓને આંક-૫૧ થી તથા સાહેદ સોમાભાઇ કાનભાઇ ચૌહાણનાઓને આંક-૬૨ થી તપાસવામાં આવેલા છે. સાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,તેઓએ તા.૨૧-૦૯-૨૦૨૪ ના રોજ સદર કેસ સંદર્ભે ભટારીયા સેવા સહકારી મંડળીની તાલુકા દેત્રોજની સંયુક્ત રીતે તપાસ કરેલ કેસની ફાઈલ મેળવવા માટે તેઓએ મુદત માંગેલ તે સંદર્ભે ત્યારબાદ તેઓ સદર કેસના કાગળો મેળવવા માટે જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળી રૂરલ બહુમાળી ભવન વસ્ત્રાપુર અમદાવાદ ખાતેની કચેરીએ સદર કેસના જુના સી.સી.નં.૩૫૩/૨૦૦૬ કેસના ભટારીયા સેવા સહકારી મંડળીના કેસ ફાઈલ મેળવવા માટે ગયેલા તેઓએ તેઓને મૌખિક જણાવેલ કે, તમે લખાવેલ કેસ નંબરની તેઓ તપાસ કરી તમોને જાણ કરીશુ પરંતુ તેઓને કોઈ જાણ ન કરતા ત્યારબાદ તેઓ તથા એસ.કે.ચૌહાણનાઓએ સંયુક્ત રીતે સદર કેસના કાગળો મેળવવા માટે જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળી રૂરલ બહુમાળી ભવનનાઓ એને તા.૨૮-૧૧-૨૦૨૪ ના રોજ તેઓએ લેખીતમાં અરજી આપેલ.જે આ કામે રજુ છે તેમા તેઓની તથા ઓડીટર એસ.કે.ચૌહાણનાઓની સહી છે જે આ કામે આંક-૫૨ થી રજુ છે.તે સંદર્ભે તેઓને તા.૦૯-૧૨-૨૦૨૪ના રોજ જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળી રૂરલ દ્વારા તેઓના મોબાઈલ નં. 9825013459 ઉપર વોટ્સએપ દ્વારા તેઓની અરજી સંદર્ભે લેખીત જવાબ પીડીએફ સ્વરુપે મોકલેલ જેની તેઓએ પ્રીન્ટ કઢાવેલ જે આ કામે આંક-૫૩ થી રજુ છે. તેઓને આંક-૨૦ લગત અરજી બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તા.૦૮-૧૦-૨૦૧૩ ના રોજ સદર કેસના અસલ કાગળો મેલવવા માટે પ્રયત્ન કરેલ હતો અને તે સંદર્ભે તેઓએ આ અરજીની સાથે તા.૦૭-૧૦-૨૦૧૨ ના રોજનો જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી રૂરલનો લેખીત જવાબ રજુ કરેલ હતો.ત્યારબાદ આ સમયગાળા દરમિયાન તેઓ પ્રયત્ન કરવા છતાં કોઈ

અસલ દસ્તાવેજી આધારો સદર કેસને લગતા મળેલ નથી.સને-૨૦૦૫ માં તેઓ ઓડીટર ગ્રેડ-૧ તરીકે જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી રૂરલ અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા તે દરમિયાન ભટારીયા સેવા સહકારી મંડળીની નાણાકીય ગેરરીતી અને ગોટાળા થયેલ તે સંદર્ભેની અરજી ભીખાજી ગલાજી ઠાકોરની તા.૧૭-૦૬-૨૦૦૫ ની અરજી જીલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં આપેલ. તેના અનુસંધાને જીલ્લા રજીસ્ટ્રાર કચેરીમાં આ અરજી સંદર્ભે તપાસ કરવા માટે તેઓને તથા શ્રી એસ.કે.ચૌહાણ (ઓડીટર ગ્રેડ-૨, સ.મ.રૂરલ) નાઓની નીમણુંક કરેલ. કચેરી નોંધ- સ.પ.વ./01/ચ1/485 થી તેઓ બન્નેને જીલ્લા રજીસ્ટ્રારે ભટારીયા સેવા સહકારી મંડળીની સ્થળ તપાસ કરી અને અહેવાલ રજુ કરવા નીમણુક કરેલ. પછી તેઓએ તથા એસ.કે.ચૌહાણ બન્નેએ ભટારીયા સેવા સહકારી મંડળી, મુ.ભટારીયા, તા.દેત્રોજની મુલાકાત કરેલી.આ અરજીની ટુકમાં વિગત એવી હતી તે મંડળીમાં મરહુમ સભાસદોના નામે ધીરાણ થયેલા છે અને ગેરરીતી થયેલ છે અને આ ગેરરીતી મંડળીના જવાબદાર ચેરમેન અને સેક્રેટરીએ કરેલ તે લગતની હતી. સદર કામે સ્થળ તપાસમાં તેઓએ મંડળીનુ અરજીની વિગતે તપાસ કરેલ જેમા છ સભાસદોની ધીરાણ અંગેની ગેરરીતીઓના નામ જણાવેલા તે પૈકી બે સભાસદો મરહુમ હતા અને છતા ધીરાણ થયેલ હતું અને બાકીના ચાર સભાસદો રેગ્યુલર સભાસદ હતાં અને તે હયાત હતાં અને તેમના નિયમમુજબની વસુલાત થતી હતી. જે બે મરહુમ સભાસદો હતા તે પૈકી ૧. ભીખાજી ગલાજી ઠાકોર અને ૨. સોમાજી હરીજી ઠાકોર હતા. આ બન્ને સભાસદો પૈકી શ્રી ભીખાજી ગલાજી ઠાકોર તા.૨૦-૧૦-૧૯૯૬ ના રોજ અવસાન પામેલ હતા જ્યારે સોમાજી હરીજી ઠાકોર તા.૧૮-૦૫-૧૯૯૪ ના રોજ અવસાન પામેલ હતા. તેઓએ આ બન્ને વ્યક્તિઓના મરણ સંદર્ભે તેમના મરણના દાખલા તપાસ દરમ્યાન મેળવેલા જેની વિગત તપાસ અહેવાલમાં છે. ભીખાજી ગલાજી ઠાકોરના અવસાન પામ્યા પછી પણ સને-૧૯૯૬ થી ૨૦૦૩-૦૪ સુધી ધીરાણ થયેલ હતું અને તે સંદર્ભે મંડળીના રેકર્ડમાં સદર સભાસદના શાખપત્રક, માંગણાપત્રક અને કરજખત તેઓએ તપાસેલ હતા. જે શાખપત્રકમાં ખેડુતની જમીનની

વિગતના આધારે કેટલું ધીરાણ મળવા પાત્ર છે તે નક્કી થાય છે જેમાં ચેરમેન ખોડાજી શંકરજી ઠાકોર તથા સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદ ની સહી છે જે હાલમાં તેઓ લાવી શકેલ નથી જે તપાસ અહેવાલના રેકર્ડમાં છે.ત્યારબાદ માંગણાપત્રક તપાસ કરતા તેમાં ચેરમેન ખોડાજી શંકરજી ઠાકોર તથા સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદ ની સહી છે તથા સભાસદ તરીકે ભીખાજી ગલાજી ઠાકોરના અંગુઠાનું નિશાન બાંધેલ હતું અને કરજખતમાં પણ ભીખાજી ગલાજી ઠાકોરના અંગુઠાનું નીશાન બાંધેલ હતું. સને-૧૯૯૬ થી ૨૦૦૩-૦૪ સુધી ભીખાજી ગલાજી ઠાકોરનુ ધિરાણ કુલ રૂા.૨,૮૮,૬૦૦/- નું હતું, આ ધિરાણ પછી ચુકતે થઈ ગયેલ હતું અને આ બાબતે ચેરમેન ખોડાજી શંકરજીને પુછતા તેઓએ જણાવેલ કે, આ ધિરાણ મંડળીના સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદ મરહુમના પુત્રોને બોલાવીને ધિરાણ આપતા હતા અને સેક્રેટરી આ બાબતે કહેવુ હતું કે મંડળીના ચેરમેન ખોડાજી શંકરજી ઠાકોર એ પોતે મરહુમના કરજખતો લઈ જતા હતા અને સહી કરાવી લાવતા હતા અને ધિરાણ પોતે લઈ જતા હતા.ત્યારબાદ સોમાજી માધાજી ઠાકોર તે જેઓ તા.૧૮-૦૫-૧૯૯૪ ના રોજ અવસાન પામેલ હતા અને અવસાન પામ્યા પછી પણ સને-૧૯૯૭ થી ૨૦૦૪ સુધી ધિરાણ થયેલ હતું અને તે સંદર્ભે મંડળીના રેકર્ડમાં સદર સભાસદના શાખપત્રક, માંગણાપત્રક અને કરજખત તેઓએ તપાસેલ હતા.જે શાખપત્રકમાં ખેડુતની જમીનની વિગતના આધારે કેટલું ધીરાણ મળવા પાત્ર છે તે નક્કી થાય છે જેમાં ચેરમેન ખોડાજી શંકરજી ઠાકોર તથા સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદની સહી છે જે તપાસ અહેવાલના રેકર્ડમાં છે અને પછી માંગણાપત્રક તપાસ કરતા તેમા ચેરમેન ખોડાજી શંકરજી ઠાકોર તથા સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદની સહી છે તથા સભાસદ તરીકે સોમાજી માધાજી ઠાકોરના અંગુઠાનુ નીશાન બાંધેલ હતું અને કરજખતમાં પણ સોમાજી માધાજી ઠાકોરના અંગુઠાનુ નીશાન બાંધેલ હતુ.સને-૧૯૯૬ થી ૨૦૦૩-૦૪ સુધી સોમાજી માધાજી ઠાકોરનું ધિરાણ કુલ રૂા.૧,૧૦,૭૦૦/- નું હતું, આ ધીરાણ પછી ચુકતે થઈ ગયેલ હતું અને આ બાબતે ચેરમેન ખોડાજી શંકરજીને પુછતા તેઓએ જણાવેલ કે, આ ધિરાણ મંડળીના

સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદ મરહુમના પુત્રોને બોલાવીને ધિરાણ આપતા હતા અને સેક્રેટરી આ બાબતે કહેવુ હતુ કે મંડળીના ચેરમેન ખોડાજી શંકરજી ઠાકોર એ પોતે મરહુમના કરજખતો લઈ જતા હતા અને સહી કરાવી લાવતા હતા અને ધિરાણ પોતે લઈ જતા હતા. મંડળીના ચેરમેનની જવાબદારી વ્યવસ્થા કમીટીમાં જે ઠરાવો થાય છે જે કામગીરી થાય છે તેમાં દરેક જગ્યાએ સહી કરવાની જવાબદારી ચેરમેનની હોય છે. જે કામગીરીમા મંડળીમાથી સભાસદોના ધિરાણ મેળવી સભાસદોને વહેચણી કરવાની હોય છે. તેમજ મંડળીના સેક્રેટરીની જવાબદારીમાં મંડળીનું રેકર્ડ લખવાનું અને મંડળીનું રેકર્ડ સાચવવાનું અને ડિસ્ટ્રીક્ટ કોપરેટીવમાંથી ધીરાણ મેળવી સભાસદો ને આપી અને વસુલાત કરવાની તમામ કામગીરી સેક્રેટરીની હોય છે અને તે લગત શાખપત્રક, માંગણાપત્રક વિગેરે મેળવી અને જેમા સભાસદોની સહી બરાબર છે તે જોવાનુ અને તે સભાસદોને ધિરાણ આપવાની કામગીરી કરવાની હોય છે. સદર પત્રક મુજબ બાકીના જે ચાર સભાસદો જેના હાલમા તેઓને નામ યાદ નથી તેમની ચકાસણી કરતા તે તે વખતે હયાત હતા અને રેગ્યુલર સભાસદ તરીકે ધિરાણ મેળવી અને વસુલાત પણ આપતા હતા.આ તપાસણી કર્યા બાદ તેઓએ અહેવાલ તૈયાર કરેલો અને જે અહેવાલમાં પુરાવા તરીકે તેઓએ શાખપત્રક, માંગણાપત્રક, ધીરાણ મંજુર કરેલ હોય તેના ઠરાવનો ઉતારો, ધીરાણની વિગત અને યાદી, લાગુ પડતા સભાસદોના ધીરાણ ખાતાવહીના ઉતારા, ગલાજી હરીજી ઠાકોર અને સોમાજી માધાજી ઠાકોરના મરણના દાખલા, સંબંધીત મરહુમ સભાસદોના કરજખતોની પ્રમાણીત કરેલ નકલ મેળવેલ.આ તપાસ અહેવાલના નિષ્કર્શમાં ભટારીયા સેવા સહકારી મંડળીના જે તે સમયના ચેરમેન શ્રી ખોડાજી શંકરજી ઠાકોર તથા સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદ બન્નેની સરખી જવાબદારી ગણાય. કારણકે મંડળીના માંગણાપત્રક, શાકપત્રક મંડળીના સેક્રેટરી તૈયાર કરે છે અને ત્યારબાદ વ્યવસ્થા કમીટીની મીંટીંગમા રજુ થાય છે અને ત્યારબાદ તે મંજુર કરવામા આવે છે અને ત્યારબાદ આ માંગણાપત્રક ડીસ્ટ્રીક્ટ કોપરેટીવ બેન્કને મોકલી આપવામા આવે છે. આ બન્ને જણાએ મરહુમ સભાસદોના

અંગુઠાના ખોટી ખરાઈ કરેલી અને મંજુર કરી અને પ્રતીવર્ષ માંગણાપત્રકો અને શાખપત્રકો મંજુર કરી ધીરાણ મેળવી અને મરહુમ સભાસદોના ખોટા અંગુઠા કરી આ ધીરાણનો અંગત ઉપયોગ કરેલ છે. તેઓએ તેઓ તથા એસ.કે.ચૌહાણનાઓનુ સંયુક્ત રીતેનું જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી અમદાવાદ રૂરલને ઉદ્દેશીને સદર કેસ સંદર્ભેનું સંપુર્ણ લેખીત તપાસ અહેવાલની નકલ આ કામે રજુ છે. જેમાં તેઓની તથા એસ.કે.ચૌહાણની સહી છે. જે આ કામે માર્ક-એ થી રજુ છે. તેઓએ સદર મંડળીના સભાસદો ગલાજી હરીજી ઠાકોર, સોમાજી માધાજી ઠાકોર, મોહનજી ધીરાજી ઠાકોર, જીવણજી રાધુજી ઠાકોર, મણાજી રવાજી ઠાકોર તથા ચેહરાજી પુંજાજી ઠાકોરનાઓના ધીરાણ ખાતાવહી ઉપરથી ધીરાણ પત્રકો તૈયાર કરેલ જેમાં મંડળીના સીક્કા તેમજ ચેરમેન તથા સેક્રેટરીની સહીઓ છે જે આ કામે માર્ક-બી થી રજુ છે. મુળ અરજદારની અરજીમાં ઉપરોક્ત છ સભાસદોના ઉલ્લેખ હોય તેઓએ આ ધીરાણ પત્રકો તૈયાર કરેલા. ત્યારબાદ તેઓએ તપાસ અહેવાલ આપતા જીલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં જે તે જવાબદાર સહકારી અધિકારી દ્વારા ચકાસણી થયેલ. ત્યારબાદ જીલ્લા રજીસ્ટ્રાર શ્રીએ સદર બાબતે તા.૦૫-૧૧-૨૦૦૫, હુકમ ક્રમાંક સ.પ.વ./01/ચ1/737/05 થી હુકમ કરેલ હતો. હુકમની અંદર આ બન્ને મરહુમ સભાસદો ગલાજી હરીજી ઠાકોર તથા સોમાજી માધાજી ઠાકોર બન્નેના કુલ ખોટી રીતે થયેલ રૂા.૩,૯૯,૩૦૦/- ના ધીરાણ માટે મંડળીના ચેરમેન ખોડાજી શંકરજી ઠાકોર તથા સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદ બન્નેએ સંયુક્ત રીતે ઉચાપત કરેલ હોય ભારતીય ફોજદારી ધારા અન્વયે બનતા ગુના મુજબ આગળની કાર્યવાહી માટે ફરીયાદ નોંધાવવા માટે શ્રી આર.એમ.રબારી મદદનીશ સહકારી અધીકારીની નીમણુક કરેલ. જે હુકમની નકલ તેઓએ આ કામે રજુ કરેલ છે જેમાં જીલ્લા રજીસ્ટ્રારની સહી છે જે આ કામે માર્ક-સી થી રજુ છે. શ્રી આર.એમ.રબારી મદદનીશ સહકારી અધીકારી તેઓના ડીપાર્ટમેન્ટમાં સદર કચેરીમાં ફરજ બજાવતા હતાં જેથી તેઓને તેઓ ઓળખે છે અને તેમની સહીથી વાકેફ છે. સદર કામે શ્રી આર.એમ.રબારી મદદનીશ સહકારી અધિકારીનાઓએ આરોપી વિરુધ્ધ

દેત્રોજ પોલીસ સ્ટેશનમા ફરિયાદ આપેલ. જે લેખીત ફરીયાદ તેઓને બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે આર.એમ.રબારી ની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આ કામે માર્ક-ડી થી રજુ છે. તેઓ આરોપીઓને ઓળખી શકે જે પૈકી સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદ કોર્ટમાં હાજર છે. આ બનાવ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરેલી અને તેઓનું નીવેદન લેવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદોની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓ સીવીલ સર્વીસીસ નિયમોથી પરીચીત છે. કોઈ અરજી આવે તો અરજદારનુ નિવેદન લેવું બહુ જરૂરી છે. કોઈ અરજીની તપાસ કરવા માટે લેખીત હુકમ હોવો જરૂરી છે. કોઈ મૌખીક હુકમથી કામગીરી ના થઈ શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓને કોઈ પંચનામું કરવાનું હોતું નથી અને લાગુ પડતા સભાસદો તથા જવાબદાર હોદ્દેદારોના નિવેદનો લેવાના હોય છે. વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓએ તપાસના કામે આઈ.ઓને કોઈ નીવેદન આપેલ નથી. તેઓએ મરણના દાખલાની ખરાઈ કરેલી. તેઓએ તલાટી કે જન્મ મરણ અધીકારીનું કોઈ નિવેદન લીધેલ નથી. તેઓએ સરકારશ્રી દ્વારા ઓથોરીટી આપવામાં આવેલ અધિકારીના મરણપત્ર ઉપર આધાર રાખેલ. તેઓએ અસલ દસ્તાવેજી આધારો જીલ્લા રજીસ્ટ્રારને આપેલ હોય તો તે કામમાં રજુ થયેલ હોય. સ્થળ તપાસ કરી તેની બે નકલ જીલ્લા રજીસ્ટ્રારને આપવાની હોય છે અને એક નકલ તેઓને રાખવાની હોય છે. તેઓએ જે નકલ રાખે તે કાર્બન કોપી રાખે છે. તેઓએ આવી કોઈ કાર્બન કોપી તપાસના કામે આપેલ નથી કે કોર્ટમાં પણ રજુ કરેલ નથી. તેમજ જીલ્લા રજીસ્ટ્રારના કહેવાથી ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલી. ધિરાણ મેળવ્યા અંગેની પાવતીઓ અને ધીરાણ ચુકતા કર્યા અંગેની કોઈ પાવતીઓ તેઓએ તપાસના કામે મેળવેલ ન હતી. તેમજ ગેરરીતી થયા અંગેના અસલ દસ્તાવેજી આધારો તેઓએ કોર્ટમાં રજુ કરેલા નથી. તેમજ જે કોઈ રેકર્ડ નાશ કરવામાં આવે તો તેની નોંધ કચેરીના રેકર્ડમાં નોંધ કરવામાં આવે છે. તેમજ કોઈ રેકર્ડ મળી ન આવે તો જે તે અધીકારીની બેદરકારીની તેના પર

ફરીયાદ થાય. આ કામે રેકર્ડ નાશ થયા બાબતની નોંધ જે રજીસ્ટરમાં થઈ હોય તે રજીસ્ટરની કોપી આ કામે રજુ કરેલ નથી. આ કામે રેકર્ડ ખોવાઈ ગયા બાબતે કોઈ કર્મચારી ઉપર ફરીયાદ થયેલ હોય તેવો પણ કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. એ તેઓ ના કહી શકે રેકર્ડ નાશ થયાની નોંધ કચેરીના રજીસ્ટરમાં થયેલ નથી. તેમજ પોલીસે તેઓના નામ સરનામા પુછેલ અને તે સિવાયની વિગતો પોલીસે જાતે લખી લીધેલી. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઇન્કાર કરવામાં આવેલ છે.સદર બન્ને સાહેદોની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

<u>**તપાસના કરનાર અમલદારના પુરાવાઓ:-**</u>

**(૯.૨)** આ કામે ફરિયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર અજયસિંહ હરદયસિંહનાઓને આંક-૬૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેઓની સર તપાસમાં જણાવેલ છે કે,સને ૨૦૦૫ ના રોજ તેઓ પોલીસ સબ ઇન્સપેક્ટર,દેત્રોજ, પો.સ્ટે ખાતે ફરજ બજાવતા હતા. તે દરમિયાન ફરિયાદ રામજીભાઇ માલદેભાઇ રબારી, મદદનીશ અધિકારી, જીલ્લા સબ રજી કચેરી દેત્રોજ ખાતે ૨૮-૧૧-૨૦૦૫ ના રોજ લેખિત ફરીયાદ આપેલ.જેના આધારે પી.એસ.ઓ એ.એસ.આઇ જશવંતસિંહનાઓએ દેત્રોજ પો.સ્ટેમાં ફ.ગુ.રનં ૭૭/૨૦૦૫ થી ઇ.પી.કો ૪૬૮,૪૭૧,૪૨૦,૧૧૪ મુજબનો ગુનો આરોપી ખોડાજી શંકરજી ઠાકોર, અંબાલાલ વિરુધ્ધ ફરીયાદ નોંધી આગળની તપાસ કરેલ છે.આ લેખિત ફરીયાદ તપાસના કામે મેળવેલ. જે માર્ક-ડી વાળી નકલ બતાવવામાં આવેલ તે જે જોઇને કહે છે કે તે પી.એસ.ઓ જસવંતસિંહનાઓએ નોંધી તે જ છે જેમાં ફરીયાદી આર.એમ.રબારીનાઓની સહી છે. તેઓને અસલ એફ.આઇ.આર બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે આર.એમ.રબારી છે અને તે એફ.આઇ.આર માં જસવંતસિંહ નાઓની સહી જેને ઓળખી બતાવે છે જે આ કામે રજુ છે.તપાસ ફરીયાદ સિવાય સોમાભાઈ ગાંડાભાઇ ચૌહાણ તથા વિરભદ્રસિંહ ખોડુભા ચૌહાણ નો તપાસનો સંયુકત

અહેવાલ મેળવી તેઓનું નિવેદન લીધેલ.ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે ગલાજી હરીજી ઠાકોર અને સોમાજી માધુજી ઠાકોર એ બંને ભટારીયા સેવા સહકારી મંડળી સભ્યો ગુજરી ગયા હોવા છતા તેઓની ખોટી સહી. અંગુઠા કરી તેઓના નામે ધિરાણ મેળવી તથા રેકર્ડ સાથે ચેડા કરી પોતાના અંગત ઉપયોગ કરી રૂ.૩,૯૯,૩૦૦/- રુપિયા ના રકમ ઉપાડી પોતાની અંગત ખર્ચમાં વાપરી મંડળી સાથે છેતરપિંડી કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી. જીલ્લા રજી.શ્રી દ્વારા આર.એમ.રબારી નાઓને ફરીયાદ કરવા અધિકૃત કરેલા તેની નકલ મેળવેલ અને આ કામે ના લેખિત ભટારીયા સેવા સહકારી મંડળીમાં થયેલ ગેરરીતી નો અહેવાલ તપાસના કામે સામેલ રાખેલ.ત્યારબાદ આરોપીઓને અટક કરી અને તપાસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજો સાથે આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાઓ હોઇ ચાર્જશીટ કરેલ. સદર કામના અસલ કાગળોની તેઓએ તપાસ કરતા મળેલ નહી. તેમજ ગલાજી હીરાજી ઠાકોરનાઓનુ મૃત્યુ તા.૩૦-૧૦-૧૯૯૬ ના રોજ થયેલ અને સોમાજી માધાજી ઠાકોરનાઓનું મૃત્યુ તા.૧૮-૦૯-૧૯૯૪ ના રોજ થયેલ. સદર મંડળીમાં તેઓના ગલાજી હીરાજી ઠાકોર નામે ધિરાણ તા.૨૪-૦૯-૧૯૯૭ થી લેખિત અહેવાલ રજુ કર્યો ત્યાં સુધી શાખપત્રકમાં મોટા ખેડુત તરીકે ધિરાણ મંજુર કરાવી. સોમાજી માધાજી ઠાકોર તા.૨૪-૦૯-૧૯૯૭ થી લેખિત અહેવાલ રજુ કર્યો ત્યાં સુધી શાખ પત્રકમાં નામ લખી માંગણી રજુ કરી બેંક મારફતે ધિરાણ મંજુર કરાવી. તે સમયે ભટારીયા સેવા સહકારી મંડળીના ચેરમેન ખોડાજી શંકરજી ઠાકોર તથા મંત્રી અંબાલાલ હતા.આરોપીઓએ સદર બંને વ્યકિતઓ મરણ ગયેલા હોવા છતા ખોટા દસ્તાવેજો કરી, ખોટી સહી,અંગુઠાઓ કરી રૂ.૩,૯૯,૩૦૦ ની ઉચાપત કરી પોતાના અંગત ખર્ચ કરી મંડળી સાથે છેતરપિંડી કરી એકબીજાની મદદગારી કરી ગુનો કર્યો. તેઓ આ કામના આરોપીને ઓળખી શકે હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ભટારીયા સેવા સહકારી મંડળી ચોક્કસ કઇ જગ્યાએ આવેલ છે તે તેઓ

ઘણો સમય થયેલ હોય હાલમાં તેઓ ચોક્કસપણે કહી શકુ નહી. આ ગામ બનાવ સમયે દેત્રોજ પો.સ્ટેની હદમાં આવતુ હતુ પરંતુ હાલમાં ક્યાં આવેલુ છે તે તેઓ કહી શકે નહી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવના સમયે તેઓ ત્યાં તપાસ અર્થે ગયેલો.વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, સામાન્ય રીતે તપાસ કરતી વખતે તપાસ અર્થેના તમામ અસલ કાગળો કોર્ટમાં જમાં રાખવામાં આવતા હોય છે. કોઇપણ ગુનાના કામે તેઓને ત.ક.અમલદાર તરીકે ફરીયાદની સ્વતંત્ર તપાસ કરવાની હોય છે. આ કામે તેઓએ કોઇ દસ્તાવેજી પુરાવા પંચનામા સાથે કબ્જે કરી રજુ કરેલા નથી. આ કામે કોઇ આરોપીઓના સહીના નમુના કે અંગુઠાના નિશાન કબ્જે રાખી એફ.એસ.એલ. માં તપાસ અર્થે મોકલેલ નથી. આ કામે કોઇ ઉચાપતની રકમ તપાસ દરમિયાન મળી આવેલ નથી. આ કામે તેઓને કઇ વ્યકિત મંડળીમાં કયાં પદ ઉપર હતી તેવો કોઇ ચોક્કસ પુરાવો મળી આવેલ નથી. તેઓની તપાસમાં કોઇ દસ્તાવેજો નાશ પામ્યા હોય કે ગુમ થયેલા હોય તેવું તપાસના કામે જાણવા મળેલ નહી.આ મંડળીમાં તે સમયે કેટલા સભ્યો હતા તેની તેઓને જાણ નથી. મંડળીના તમામ સભ્યોના નિવેદનો લીધેલા હોય તેવુ બનેલ નથી.જીલ્લા રજીસ્ટ્રારના અહેવાલ સિવાય તેઓની સ્વતંત્ર તપાસ દરમિયાન ઉચાપતની રકમ બાબતે કોઇ વિગત મળી આવેલ નહી. ફરીયાદ કર્તા, તપાસકર્તા અને તે આધારે અહેવાલ રજુ કરનાર એક જ કચેરીના માણસો છે. આ તમામ તપાસ અહેવાલ જીલ્લા રજીસ્ટ્રારશ્રી ની હકુમત હેઠળ તૈયાર કરવામાં આવેલ. જીલ્લા રજીસ્ટ્રારશ્રીના કચેરીના અહેવાલ પંચો સાથે કરવામાં આવેલ તેવુ તેઓની તપાસમાં ખુલેલ નથી. એ તેઓ ચોક્કસ પણે જણાવી શકે નહી કે આ ફરીયાદ થયા પહેલા ઓડીટ થયેલ કે કેમ. પરંતુ તેઓની તપાસ દરમિયાન એ વિગત જાણવા મળેલ કે, મંડળીમાં રેગ્યુલર ઓડીટ થતા હોય છે.આ ફરીયાદના કામે અગાઉના ઓડીટ રીપોર્ટ રજુ રાખેલ નથી. મંડળીમાં સામાન્ય રીતે જે ઠરાવો થતાં હોય તે સર્વ સંમતિથી થતા હોય છે અને તેની જવાબદારી તમામ ચેરમેન અને કમિટીની હોય છે. આ કામે મરણ ગયેલા ભોગ બનનાર ના વારસદારોના નિવેદનો લિધેલા નથી. સદર

ગુનો ચોક્કસ કઈ તારીખે અને કયા સમયે બનેલ તે તેઓ ચોક્કસપણે કહી શકે નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેની રેકર્ડ ઉપર ઓડીટમાં નોંધ લેવાયેલ.વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, હાલની મંડળી રજીસ્ટર થયેલી છે.આ તપાસના કામે મંડળી રજીસ્ટર થયા અંગેનું સર્ટીફીકેટ પુરાવા તરીકે લીધેલુ નથી. સામાન્ય રીતે દરેક મંડળીનું બેંક એકાઉન્ટ હોય છે. મોટોભાગે મંડળીના નાણાકીય વ્યવહાર બેંકના માધ્યમથી જ થતા હોય છે.તેઓ કહી ના શકે કે આ કામે મંડળીનું બેંક કઇ બેંક માં હતું.તેઓના ફરીયાદ અને નિવેદનમાં તપાસના કામે સદર મંડળીનું ખાતું કઇ બેંક માં હતું તે જણાવેલ નથી. આ ફરીયાદમાં નાણા ઉપાડી લેવાનો આક્ષેપ કરેલ છે. તેઓની ફરીયાદ તથા નિવેદનમાં કોણે, કયાંથી અને કેવી રીતે નાણા ઉપાડેલા તે અંગે કોઇ વિગત જણાવેલ નથી. સાહેદ સ્વેછાય જણાવે છે કે, સંયુકત અહેવાલ ના કોલમ નં.૯ માં કટોસણ બ્રાન્ચ લોન ઉપાડેલ છે.વધુમાં તેઓએ એ હકીકતોનો પણ સ્વીકાર કરેલ છે કે, આ બાબતે તેઓએ કટોસણ શાખા બેંક માં કોઇ તપાસ કરેલ નથી કે કોઇ બેંક અધિકારીના નિવેદન લીધા નથી. તેઓએ રજુઆત કરનાર નું નિવેદન લીધેલ નથી.આ કામે અહેવાલમાં ભીખાજી ગલાજી ઠાકોર કોઇ અરજી પાછળથી કોઇ આવી અરજી તેઓએ કરેલી નથી તેવું તા.૨૫-૦૭-૨૦૦૫ ના સોગંદનામામાં જણાવે છે તેવી હકીકત સંયુકત તપાસ અહેવાલમાં છે. આ કામે અસલ માંગણા પત્રક, ખરજ પત્રક, શાખા પત્રક અમોને મળેલ નથી. દસ્તાવેજોમાં ખોટી સહીઓ કરેલી હોય તેવા કોઇ દસ્તાવેજો તપાસના કામે તેઓને આપેલા નહીં. તપાસના કામે આ મંડળીની કોઇ પાસબુક, ચેકબુક લીધેલી નહીં. તપાસના કામે કોઇ તલાટી કમ મંત્રીનું નિવેદન લીધેલ નથી. આ કામે કોઇ પણ એવા કાગળ કે દસ્તાવેજ જેમાં સહીઓ કરેલ કે ચેડા કરેલ હોય તેવા કોઇ અસલ દસ્તાવેજ તપાસના કામે આપેલી નહીં. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઇન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

## : : નિર્ણય માટે ના કારણો : :

### (૧૦) કાયદાકીય માળખું અને જોગવાઈઓઃ-

પ્રસ્તુત કેસમાં આરોપીઓ ઉપર ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ-૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧, ૧૧૪ અન્વયે તહોમત મુકવામાં આવેલ છે. પુરાવાનું મૂલ્યાંકન કરતા પૂર્વે, આ કલમોની કાયદાકીય આવશ્યક ઘટકો સમજવા જરૂરી બને છે, કારણ કે ફોજદારી ગુનામાં દોષ સિદ્ધિ માત્ર ત્યારે જ નિશ્ચિત થઈ શકે જ્યારે દરેક આવશ્યક ઘટક વાજબી શંકાથી પરે સાબિત થાય.

### (અ) કલમ-૪૨૦ - ઠગાઈ

કલમ-૪૨૦ એ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૧૫માં વ્યાખ્યાયિત ઠગાઈ માટેની સજા નક્કી કરે છે. કલમ-૪૧૫ મુજબ, કોઈ વ્યક્તિ ઠગાઈ કરે છે જ્યારે તે-

- કપટપૂર્ણ અથવા બેઇમાનીપૂર્વક કોઈ વ્યક્તિને છેતરે છે; અને
- તે છેતરપિંડી દ્વારા છેતરાયેલ વ્યક્તિને કોઈ મિલકત, કિમતી જામીનગીરી આપવા માટે પ્રેરિત કરે છે, અથવા
- છેતરનાર પોતે તે મિલકત પ્રાપ્ત કરે છે અથવા જાળવી રાખે છે; અને
- આ સમગ્ર કૃત્ય આરંભથી જ બેઇમાની ઇરાદાથી કરવામાં આવેલ હોય.

### (બ) કલમ-૪૬૭ - જામીનગીરી, વસિયતનામું વગેરેની બનાવટ

ભારતીય દંડ સંહિતા ની કલમ-૪૬૭, જે મૂલ્યવાન જામીનગીરી, વસિયતનામું વગેરેની બનાવટ સાથે સંબંધિત છે, તે લાગુ કરવા માટે નીચેના મુખ્ય તત્વો સાબિત થવા જરૂરી છે:

**દસ્તાવેજની બનાવટ :** કોઈ વ્યક્તિ દ્વારા ખોટો દસ્તાવેજ અથવા ઇલેક્ટ્રોનિક રેકોર્ડ બનાવવામાં આવ્યો હોવો જોઇએ.

**મૂલ્યવાન દસ્તાવેજ:** તે દસ્તાવેજ કિંમતી જામીનગીરી , વસિયતનામું , દત્તક લેવાની સત્તા, અથવા નાણાં/મિલકત મેળવવાનો અધિકાર આપતો હોવો જોઇએ.

**ગુનાહિત ઇરાદો :** આ બનાવટનો હેતુ કોઈને છેતરવાનો, મિલકત ટ્રાન્સફર કરવાનો અથવા ગેરકાયદેસર ફાયદો મેળવવાનો હોવો જોઈએ.

**ખોટી સહી અથવા સીલ:** દસ્તાવેજ પર સહી અથવા સીલ ખોટી રીતે (બીજા વ્યક્તિની હોવાનો ડોળ કરીને) કરવામાં આવી હોવી જોઈએ.

આ કલમ હેઠળ ગુનો સાબિત થતા આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની કેદ અને દંડની સજા થઈ શકે છે.

**(ક) કલમ-૪૬૮ – ઠગાઈના હેતુથી ખોટા દસ્તાવેજ બનાવવો**

ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૮, ભારતીય દંડ સંહિતાની કલમ -૪૬૫ કરતાં વધુ ગંભીર ગુનાની જોગવાઈ છે. આ કલમ લાગુ થવા માટે નીચેના તત્વો સાબિત થવા આવશ્યક છે:

- કલમ-૪૬૫ હેઠળના તમામ આવશ્યક ઘટકો પુરાવાથી સ્થાપિત થવા જોઇએ અને
- વધુમાં, ખોટો દસ્તાવેજ ઠગાઈ કરવાનો હેતુ રાખીને બનાવવામાં આવ્યો હોવો જોઇએ.

**(ડ) કલમ-૪૭૧ – બનાવટી દસ્તાવેજ સાચા તરીકે વાપરવો**

કલમ-૪૭૧ લાગુ થવા માટે નીચેના તત્વો સાબિત થવા આવશ્યક છે:

- ગુનામાં વપરાયેલ દસ્તાવેજ બનાવટી હતો,
- આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલ હતો,
- આરોપી જાણતો હતો અથવા તેને એવું માનવાને કારણ હતું કે તે દસ્તાવેજ બનાવટી છે.
- આરોપીએ આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણતા હોવા છતાં તેનો ઉપયોગ સાચા તરીકે કરેલ હતો,
- આરોપીએ આવું કૃત્ય કપાત કરવાના ઇરાદા થી અપ્રામાણિકપણે કરેલ હતું.

**(ઇ) કલમ-૧૧૪ – મદદગારી**

ભારતીય દંડ સંહિતાની કલમ-૧૧૪ સહભાગિતા અથવા મદદગારી અંગેની જોગવાઈ છે. આ કલમ લાગુ થવા માટે નીચેના તત્વો સાબિત થવા જોઇએ:

- કોઈ વ્યક્તિ ગુનો કરવા માટે મદદગારી કરે છે અથવા પ્રેરણા આપે છે;
- તે વ્યક્તિ ગુનાના સમયે જાતે હાજર હોય;
- ગુનો આ મદદગારીના પરિણામે કરવામાં આવે છે.

આ કલમ સ્વતંત્ર ગુનો સર્જતી નથી, પરંતુ તે મુખ્ય ગુનાની સાબિતી પર આધારિત સહાયક જોગવાઈ છે.

## (૧૧) સાબિતીનું ધોરણ અને સાબિતીનો બોજ

ફોજદારી કાયદામાં એક સુસ્થાપિત અને મૂળભૂત સિદ્ધાંત એવો છે કે સાબિતીનો બોજ સમગ્ર કેસ દરમ્યાન અને સતત ફરીયાદપક્ષ પર જ રહે છે. ફરીયાદપક્ષે તહોમતમાં મુકાયેલા દરેક ગુનાના આવશ્યક ઘટકોને વાજબી શંકા થી પરે સાબિત કરવા પડે છે. આરોપી પર પોતાની નિર્દોષતા સાબિત કરવાની કોઈ ફરજ રહેતી નથી. તેની પાસેથી માત્ર એટલી અપેક્ષા હોય છે કે તે ફરીયાદપક્ષના કેસમાં વાજબી શંકા ઊભી કરી શકે.

આ સિદ્ધાંતના ઐતિહાસિક આધાર હાઉસ ઓફ લોર્ડ્સના ***Woolmington v. Director of Public Prosecutions***[1] ના ચુકાદામાં જોવા મળે છે, જેમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે સમગ્ર ફોજદારી કેસ દરમ્યાન સાબિતીનો બોજ ફરીયાદપક્ષ પર રહે છે. આ સિદ્ધાંત ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રમાં સંપૂર્ણપણે સ્વીકારાયેલ છે અને તેનો સતત અનુસરણ કરવામાં આવે છે.

ફોજદારી કાયદાના સુવર્ણ સિદ્ધાંત મુજબ, આરોપી પુરવાર થાય ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે. ફરીયાદપક્ષ જો પોતાના પુરાવા દ્વારા આ નિર્દોષતાની

---

1 (1935) AC 462

ધારણાને તોડી ન શકે, તો આરોપીને શંકાનો લાભ આપવો અનિવાર્ય બને છે

**(૧૧.૧) પરિસ્થિતિગત પુરાવાનું મૂલ્યાંકન**

જ્યારે કેસ સીધા પુરાવા પર આધારિત ન હોય અને મુખ્યત્વે પરિસ્થિતિગત પુરાવા (circumstantial evidence) પર નિર્ભર હોય, ત્યારે અદાલત માટે પુરાવાના મૂલ્યાંકનનું ધોરણ વધુ કડક બને છે. આવા કેસોમાં અનુમાન, શંકા અથવા સંભાવનાના આધારે દોષસિદ્ધિ કરી શકાતી નથી; પરંતુ દરેક સંજોગ એવો હોવો જોઇએ કે તે એકમાત્ર રીતે આરોપીની દોષિતતા તરફ જ દોરી જાય.

નામદાર સર્વોચ્ચ અદાલતે ***Sharad Birdhichand Sarda v. State of Maharashtra***[2] ના મહત્વપૂર્ણ ચુકાદામાં પરિસ્થિતિગત પુરાવાના પાંચ સુવર્ણ સિદ્ધાંતો નક્કી કર્યા છે, જે હવે કાયદાનો સ્થિર ભાગ બની ગયા છે. તે સિદ્ધાંતો નીચે મુજબ છે:

1. જે સંજોગો પરથી દોષિતતાનું અનુમાન કરવાનું હોય, તે સંજોગો સંપૂર્ણપણે અથવા ઓછામાં ઓછા પ્રમાણમાં સ્પષ્ટ રીતે સાબિત થયેલા હોવા જોઇએ;
2. સાબિત થયેલ સંજોગો આરોપીની દોષિતતા સાથે જ સુસંગત હોવા જોઇએ;
3. તે સંજોગો નિર્ણાયક સ્વરૂપના હોવા જોઇએ અને નિશ્ચિતતા તરફ દોરી જતા હોવા જોઇએ;
4. તે સંજોગો આરોપીની દોષિતતાના અનુમાન સિવાય અન્ય કોઈ વાજબી અનુમાનને સંપૂર્ણપણે બાકાત કરતા હોવા જોઇએ;
5. સાબિત થયેલ સંજોગોની સાંકળ એટલી સંપૂર્ણ હોવી જોઇએ કે તે ઘટનાને આરોપી સિવાય અન્ય કોઈ વ્યક્તિનું કાર્ય ગણી ન શકાય.

જો સંજોગોની સાંકળમાં કોઈ એક પણ મહત્વપૂર્ણ કડી નબળી પડે અથવા તૂટી જાય, તો આરોપીને દોષિત ઠરાવવું યોગ્ય નથી. આથી, પરિસ્થિતિગત પુરાવા પર

---

2 1984 (0) AIJEL-SC 26145

આધારિત કેસોમાં અદાલત માટે દરેક સંજોગને અલગ-અલગ તેમજ સંયુક્ત રીતે કડક કસોટી પર પરખવા જરૂરી છે.

**(૧૧.૨) દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન**

દસ્તાવેજી પુરાવાના મૂલ્યાંકન માટે ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ની જોગવાઈઓ માર્ગદર્શક બને છે. ખાસ કરીને કલમ-૬૫ અને કલમ-૬૬ મુજબ, જ્યારે દસ્તાવેજની વિગતો, ખરાઇ અથવા અસ્તિત્વ જ વિવાદમાં હોય, ત્યારે મૂળ દસ્તાવેજ અદાલતમાં રજૂ કરવો આવશ્યક છે, સિવાય કે કાયદા દ્વારા નિર્ધારિત અપવાદો લાગુ પડતા હોય.

નામદાર સર્વોચ્ચ અદાલતે ***Gopal Krishnaji Ketkar Versus Mohamed Haji Latif***[3] માં સ્પષ્ટ રીતે નિર્ધારણ કર્યું છે કે જ્યારે કોઈ પક્ષ દસ્તાવેજ પર આધાર રાખે છે અને તે દસ્તાવેજ તેના કબજામાં અથવા નિયંત્રણમાં હોવા છતાં રજૂ કરવામાં આવતો નથી, ત્યારે અદાલત એ અનુમાન કરી શકે છે કે જો તે દસ્તાવેજ રજૂ થયો હોત, તો તે પક્ષ વિરુદ્ધ ગયો હોત. ખાસ કરીને જ્યારે દસ્તાવેજની વિગતો જ વિવાદનો મુખ્ય મુદ્દો હોય, ત્યારે મૂળ દસ્તાવેજ રજૂ ન થવો એક ગંભીર પુરાવાત્મક ખામી બને છે.

આથી, દસ્તાવેજી પુરાવાના કેસોમાં અદાલત માટે નીચેની બાબતો વિશેષ મહત્વ ધરાવે છે:

- દસ્તાવેજનું મૂળ સ્વરૂપે રજૂ થવું;
- તેની પુરાવાની કડી ;
- તેની ખરાઇ અને વિશ્વસનીયતા;
- અને તે દસ્તાવેજમાંથી કાઢવામાં આવતા અનુમાન કાયદાની કસોટી પર ટકી શકે તેવા હોવા.

---

3 1968 (0) AIJEL-SC 9677

આ તમામ સિદ્ધાંતોના પ્રકાશમાં, અદાલતને વર્તમાન કેસમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે, જે ચર્ચા આગળના ભાગોમાં કરવામાં આવી છે.

**૧૨.ફરીયાદપક્ષના કેસની રૂપરેખાઃ-**

ફરીયાદપક્ષની દસ્તાવેજી તથા મૌખિક પુરાવામાંથી એવી કથા ઉપસ્થિત થાય છે કે, આ કામના આરોપીઓ એ તા.૧૪-૦૭-૧૯૯૭ પછી કોઈ પણ સમયે મોજે ભટારીયા ગામે મરણ ગયેલ સભાસદો (૧) સોમાજી માધાજી ઠાકોર (૨) ગલાજી હરીજી ઠાકોર બન્ને મરણ ગયેલ હોવા છતાં તેમના નામે ખોટો દસ્વાવેજ ઉભો કરી ખોટી સહી અંગુઠા કરી રેકર્ડમાં ચેડા કરી રુા.૩,૯૯,૩૦૦/- (અંકે રુપિયા ત્રણ લાખ નવ્વાણું હજાર ત્રણસો પુરા) ઉપાડ કરી પોતાના અંગત ખર્ચમાં વાપરી મંડળી સામે છેતરપીંડી કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમઃ૪૬૭,૪૬૮, ૪૭૧, ૪૨૦,૧૧૪ હેઠળના ગુનાઓના અંગે ફરિયાદ કરી હાલ નો કેસ કરેલ છે.

**(૧૨.૧) મુળ ફરીયાદીનું હયાત ન હોવું**

બચાવપક્ષે દલીલ કરી છે કે, વર્તમાન કેસમાં ફરીયાદી મરણ ગયેલા હોય તેઓને હાજર રાખી કેસમાં રજુ થયેલા પુરાવા અંગે ફરીયાદપક્ષ દ્વારા અસલ દસ્તાવેજો રજુ રાખવામાં આવેલા નથી. જે અંગે આંક - 45 થી ફરિયાદીને સમન્સ કાઢવામાં આવેલ જે ફરિયાદી મરણ ગયેલ હોય ના સેરા સાથે પરત ફરેલ તેની સાથે નિ.૪૫/૧ થી રજુ રામજીભાઇ માવજીભાઇ રબારી નું મરણ સર્ટીફીકેટ ધ્યાને લેતાં તે ગુજરી ગયેલા હોય આ કામે તેઓને હાજર રાખી જુબાની લઇ શકાય તેમ નથી પરતું, આંક-૫૧ થી ફરીયાદપક્ષ દ્વારા વિરભદ્રસિંહ ખોડુભા વાધેલાનાઓને સોગંધ પર તપાસવામાં આવેલા છે.તેઓ બનાવ સમયે ઓડીટર ગ્રેડ-૧ તરીકે રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી અમદાવાદ(ગ્રામ્ય) ખાતે ફરજ બજાવતા હતા અને મંડળીમાં થયેલી ગોટાળા અંગેની

અરજી ભીખાજી ગલાજીનાઓએ તા.૧૫.૦૬.૨૦૦૫ ના રોજ જીલ્લા રજીસ્ટ્રારશ્રી કચેરીમાં કરતા શ્રી એસ.કે.ચૌહાણ ઓડીટર ગ્રેડ-૨ ના ઓની નિમણુંક કરી સ્થળ તપાસ કરી અહેવાલ કરવા કરેલી.ત્યારબાદ તેઓએ અને એસ.કે.ચૌહાણના ઓએ દેત્રોજની મુલાકાત લઇ ગેરરીતી થયા અંગેના અહેવાલ નોંધેલા. અહીં તેઓ દ્વારા એ હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે કે તેઓ દ્વારા કોઈ અરજદારનું નિવેદન લેવામાં આવેલ નથી. જે અંગે તેઓએ જવાબમાં જણાવેલ છે કે અરજદારનું નિવેદન લેવાનું કામ તેમ તેઓ નથી જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા તે નિવેદન લેવામાં આવે છે. તેઓએ વધુમાં એ પણ જણાવેલ છે કે તેઓએ આ કામે કોઈ પંચનામુ કરેલું નથી. તેઓ દ્વારા તપાસ સોપવામાં આવેલ તેઓ કોઇ અસલ લેખિત આધાર કોર્ટમાં રજુ કરેલ નથી અને અસલ કાગળો તપાસ કરનાર અધિકારીને આપેલા નથી.

આમ કામે એ હકીકત રેકર્ડ પર છે કે ફરીયાદી સદર કામે સાહેદ વિરભદ્રસિંહ ખોડુભા નાઓ એ કરેલા સ્વીકાર પરથી એ હકીકત સ્પષ્ટ છે કે આ કામે કેસ ઉપર આધાર રાખતા કોઇ પણ અસલ દસ્તાવેજો રજુ થયેલા નથી.તેઓએ પોતે ફરિયાદીઓ સાથે કામ કરેલ. તેઓ ફરિયાદીની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ આ કામે તેઓ દ્વારા.કોઈ અધિકાર પત્ર રજૂ કરવામાં આવેલ નથી કે જેથી એ હકીકત રેકોર્ડ પર આવી શકે કે તેઓને ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ હતા.વધુમાં સદર સાહેદે પોતે અને સોમાનાથભાઇ કાનાભાઇ ચૌહાણને તપાસ કરવા માટેના હુકમ લેખિતમાં મળેલ હોવાની વિગત જણાવે છે પરંતુ, આ કામે તેવો કોઈ લેખિત દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ નથી. જેથી ફરિયાદ પક્ષ મૂળભૂત ફરિયાદ કરવાના અધિકાર અંગેની હકીકત દસ્તાવેજી પુરાવાથી રેકોર્ડ પર લાવવામાં નિષ્ફળ રહેલા છે.

સામાન્ય રીતે, ફરીયાદી ને ન તપસવાથી ફરીયાદપક્ષના કેસને હંમેશા ઘાતક અસર પડે એવું નથી, પરંતુ જ્યાં દસ્તાવેજી પુરાવાની જપ્તી, જાળવણી અને ચેન ઓફ કસ્ટડી અંગે પ્રશ્નો ઉપસ્થિત થાય છે અને ત.ક.અમલદાર દ્વારા એ હકીકત સ્વીકારમાં આવેલ છે કે તેઓ દ્વારા ફરીયાદ અંગે કોઇ સ્વતંત્ર તપાસ કરાવમાં આવેલ નથી અને

માત્ર જીલ્લા રજીસ્ટ્રારશ્રીના અહેવાલ પર આધાર રાખેલ છે અને તપાસ અર્થે જીલ્લા રજીસ્ટ્રારના અહેવાલ સાથે રજુ રાખેલા દસ્તાવેજો સિવાય અન્ય કોઇ દસ્તાવેજો મેળવેલા નથી. જેથી ફરીયાદીના પુરાવા અત્યંત મહત્વપૂર્ણ બની જાય છે. કારણ કે, ફરીયાદીદ્વારા આજ કામે દસ્તાવેજો પ્રાપ્ત કરી રજુ રાખવામાં આવેલા ની હકીકત રેકર્ડ પર છે. જેથી આ કામે ફરીયાદ જ એક માત્ર એવા સાક્ષી છે જે તેમની ફરિયાદ આપ્યા પહેલા કરવામાં આવેલી કાર્યવાહી, દસ્તાવેજોની પ્રાપ્તી, તેમની જપ્તી તથા અદાલત સુધી પહોંચતા સુધીની પ્રક્રિયા અંગે પ્રાથમિક અને સીધી જાણકારી આપી શકે.

વર્તમાન કેસમાં, આરોપોની રચના મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા પર આધારિત છે, આવી પરિસ્થિતિમાં ફરીયાદીના પુરાવા વિશેષ મહત્વ ધરાવતા પરંતુ આ કામે ફરિયાદપક્ષ દ્વારા કોઈ ધિરાણપત્રકો કે ફરિયાદ નોંધાવવા અંગેનો હુકમની અસલ પ્રતો પુરાવા તરીકે રજૂ થયેલ ન હોય જેના કારણે ફરિયાદ પક્ષનો મૂળ થી જ ખામી ભરેલો જણાય આવે છે. અહીં નીચે મુજબના દસ્તાવેજની ખરાઈ થઈ શકતી નથી.

૧) માર્ક એ, માર્ક બી, માર્ક સી, થી રજૂ દસ્તાવેજો ક્યાંથી, ક્યારે અને કેવી રીતે મળ્યા અથવા જપ્ત કરવામાં આવ્યા, તેની સ્પષ્ટતા થઇ શકતી નથી.

૨) આવા દસ્તાવેજોની ચેન ઓફ કસ્ટડી અર્થાત્ દસ્તાવેજ તપાસ દરમ્યાન કોના કબજામાં રહ્યા, કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવ્યા અને અદાલત સમક્ષ કેવી રીતે રજૂ થવા પાત્ર હતા વગેરે તમામ બાબતેકોઈ ચોક્કસ પુરાવો રેકોર્ડ પર જણાઈ આવતો નથી.

૩) તપાસ દરમ્યાન ફરિયાદીએ કયા કયા પગલાં લીધા, કઈ પૂછપરછ કરી, કયા નિષ્કર્ષો પર પહોંચ્યા અને તે આધારે અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

આ તમામ બાબતો સ્પષ્ટ કરવા માટે યોગ્ય દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ રજૂ રાખી શકલ નથી.

ફરિયાદીના અવસાનને કારણે તેમનું હાજર ન થવું એક હકીકત છે, પરંતુ તે હકીકતથી આપમેળે ફરીયાદપક્ષને પુરાવાના ભારમાંથી મુક્તિ મળતી નથી. જ્યારે કેસનો

મોટો આધાર દસ્તાવેજી પુરાવા પર હોય અને તે દસ્તાવેજોની પ્રાપ્તી, જપ્તી તથા પ્રામાણિકતા અંગે પ્રશ્નો ઉપસ્થિત થાય, ત્યારે ફરિયાદી તરફથી કરવામાં આવેલી પ્રાથમિક તપાસ અને તેના ઉપરથી રજૂ કરવામાં આવેલો અહેવાલ વિશેની હકીકત રેકર્ડ પર પુરવાર થઈ શકતી નથી.વધુમાં જ્યારે. આ કામે સાહેદ વિરભદ્રસિંહ ખોડુભા વાઘેલા ફરિયાદીના સાથી કર્મચારીઓ હોવાના કારણે તેમની સહી ઓળખી બતાવી ફરિયાદને હકીકતો સાબિત કરવા માટે ના પ્રયાસો કરી શકે. પરંતુ જો આટલી હકીકત માની લેવામાં આવે તો પણ તેનાથી ફરિયાદની વિગતો આપોઆપ સાબિત થઈ જતી નથી.

### (૧૨.૨) દસ્તાવેજી પુરાવાઓનું વિશ્લેષણ

આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાને એકી સાથે વંચાણે લેતા, આ કામે આંક-પર થી લેખિત અરજી રજુ છે. જે જોતાં,સદર કેસના કાગળો મેળવવા માટે જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળી રૂરલ બહુમાળી ભવનનાઓ એને તા.૨૮-૧૧-૨૦૨૪ ના રોજ તેઓએ લેખીતમાં અરજી આપેલ. જેમાં વિરભદ્રસિંહ ખોડુભા વાઘેલાનાઓની તથા ઓડીટર એસ.કે. ચૌહાણનાઓની સહી છે. વધુમાં આ કામે આંક-પ૩ થી લેખિત જબાવ રજુ છે. જે જોતાં,તા.૦૯-૧૨-૨૦૨૪ના રોજ જીલ્લા રજીસ્ટ્રાર શ્રી સહકારી મંડળી રૂરલ દ્વારા વિરભદ્રસિંહ ખોડુભા વાઘેલા માજી ઓડીટર ગ્રેડ-૧(ટેસ્ટ) લગત જીલ્લા રજીસ્ટ્રાર સ.મ.(રુરલ),અમદાવાદનાઓને જવાબ આપેલ જણાઇ આવે છે. વધુમાં માર્ક-એ થી લેખિત તપાસ અહેવાલ રજુ છે. જે જોતાં,વિરભદ્રસિંહ ખોડુભા વાઘેલાનાઓનું તથા એસ.કે.ચૌહાણનાઓનુ સંયુક્ત રીતેનું જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી અમદાવાદ રૂરલને ઉદ્દેશીને સદર કેસ સંદર્ભેનું સંપુર્ણ લેખીત તપાસ અહેવાલ જણાઇ આવે છે. વધુમાં આ કામે માર્ક-બી થી ધિરાણ પત્રકો રજુ છે જે જોતાં,સદર મંડળીના સભાસદો ગલાજી હરીજી ઠાકોર, સોમાજી માધાજી ઠાકોર, મોહનજી ધીરાજી ઠાકોર, જીવણજી રાધુજી ઠાકોર, મણાજી રવાજી

ઠાકોર તથા ચેહરાજી પુંજાજી ઠાકોરનાઓના ધીરાણ ખાતાવહી ઉપરથી ધીરાણ પત્રકો તૈયાર કરેલ જેમાં મંડળીના સીક્કા તેમજ ચેરમેન તથા સેક્રેટરીની સહીઓ જણાઇ આવે છે.વધુમાં આ કામે માર્ક-સી થી સદર ફરિયાદ નોંધાવવાનો હુકમ રજુ છે. જે જોતાં,જીલ્લા રજીસ્ટ્રાર શ્રીએ સદર બાબતે તા.૦૫-૧૧-૨૦૦૫, હુકમ ક્રમાંક સ.પ.વ./01/ચ1/737/05 થી હુકમ કરેલ હતો. હુકમની અંદર આ બન્ને મરહુમ સભાસદો ગલાજી હરીજી ઠાકોર તથા સોમાજી માધાજી ઠાકોર બન્નેના કુલ ખોટી રીતે થયેલ રૂા.૩,૯૯,૩૦૦/- ના ધીરાણ માટે મંડળીના ચેરમેન ખોડાજી શંકરજી ઠાકોર તથા સેક્રેટરી અંબાલાલ મગનલાલ વાળંદ બન્નેએ સંયુક્ત રીતે ઉચાપત કરેલ હોય ભારતીય ફોજદારી ધારા અન્વયે બનતા ગુના મુજબ આગળની કાર્યવાહી માટે ફરીયાદ નોંધાવવા માટે શ્રી આર.એમ.રબારી મદદનીશ સહકારી અધીકારીની નીમણુક કરેલ. જેમાં જીલ્લા રજીસ્ટ્રારની સહી હોવાનું જણાઇ આવે છે. વધુમાં માર્ક-ડી થી લેખિત ફરિયાદ રજુ છે. જે જોતાં, શ્રી આર.એમ.રબારી મદદનીશ સહકારી અધિકારીનાઓએ તા.૨૯-૧૧-૨૦૦૫ ના રોજ આપેલ જણાઇ આવે છે.

પરંતુ અહીં માત્ર આંક ૫૨ થી અને આંક ૫૩ થી રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ અસલ તરીકે કોર્ટમાં રજૂ છે. જે બન્ને દસ્તાવેજો સાહેદ અસલ રેકોર્ડ મેળવવા માટે કરવામાં આવેલા પ્રયાસો દર્શાવે છે. પરંતુ ત્યાર બાદના માર્ક એ થી ડી વાળા તમામ દસ્તાવેજો ફરિયાદ પક્ષ યોગ્ય પુરાવાથી સાબિત કરી શકે નથી. જેથી સદર દસ્તાવેજોને માની શકાય નહીં.

આ હકીકત માત્ર એક સામાન્ય પ્રક્રિયાત્મક ખામી નથી, પરંતુ ફરીયાદપક્ષના કેસ માટે અત્યંત ગંભીર બાબત છે. કારણ કે, ફરીયાદપક્ષે જે દસ્તાવેજોને ખોટા, કપટપૂર્ણ અને ગુનાહિત ઇરાદાથી બનાવવામાં આવ્યા હોવાનું કહ્યું છે, તે જ દસ્તાવેજો અદાલત સમક્ષ મૂળ સ્વરૂપે રજૂ ન થવાથી તેમની ખરાઇ, વિગતો અને અસ્તિત્વ અંગે કોઈ ન્યાયિક તપાસ શક્ય બનતી નથી. ભારતીય પુરાવા અધિનિયમ મુજબ, દસ્તાવેજી પુરાવા બાબતે મૂળ પુરાવા રજૂ કરવાનું સૈદ્ધાંતિક મહત્વ કાયદાનું મહત્વનું પાસું છે.

આ હકીકત ને સાહેદની ઉલટતપાસમાંથી મળતી કબૂલાત વધુ સશક્ત બનાવે છે. ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે, આ કામે બનાવ સંબંધી મૂળ દસ્તાવેજો તેની પાસે ઉપલબ્ધ નથી અને જે નકલો અદાલત સમક્ષ રજૂ કરવામાં આવી છે તે ઓફિસ રેકર્ડમાં રહેલી ઝેરોક્ષ નકલ છે જે અહેવાલ સાથે તપાસ કરનાર અમલદારને આપવામાં આવેલી. તપાસ કરનાર અમલદાર પણ આ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમને તપાસ દરમિયાન અહેવાલ સાથે કોઈ અસર દસ્તાવેજો મળી આવેલા નથી. આવી કબૂલાતના પ્રકાશમાં સ્પષ્ટ થાય છે કે, અદાલત સમક્ષ રજૂ થયેલ નકલો મૂળ દસ્તાવેજોમાંથી સીધી પ્રાપ્ત થયેલ પ્રાથમિક પુરાવા નથી, પરંતુ ઝેરોક્ષ છે જે આપોઆપ વિશ્વસનીય કે કાયદેસર ગૌણ પુરાવો તરીકે સાબિત થઇ જતી નથી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫ હેઠળ ગૌણ પુરાવો સ્વીકારવા માટે ફરીયાદપક્ષે પ્રથમ એ સ્થાપિત કરવું આવશ્યક રહે છે કે, મૂળ દસ્તાવેજો ક્યાં ગયા, છેલ્લે કોના કબજામાં હતા, તેઓ કેમ ઉપલબ્ધ નથી, તેમને શોધવા માટે શું પ્રયત્નો કરાયા વિગેરે. વર્તમાન કેસમાં આવી મૂળભૂત પાયાની હકીકતો સંતોષકારક રીતે સ્થાપિત થયેલ જણાતી નથી. તેની સાથે સાથે, ઝેરોક્ષ ના આધારે દસ્તાવેજની સહી, સિક્કો, લખાણ, તારીખ અને પ્રામાણિકતા અંગે સ્વતંત્ર ન્યાયિક ચકાસણી શક્ય બનતી નથી. તપાસ કરનાર અમદા દ્વારા પણ.આવા દસ્તાવેજોની.એફ એસ. એલ. કચેરી.માં મોકલી તેમની ખરાઇ કરવામાં આવેલ નથી અને અસલ દસ્તાવેજો મેળવવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવેલા નથી. તેથી સાહેદોની ઉલટતપાસ એ દર્શાવે છે કે અદાલત સમક્ષ રહેલ દસ્તાવેજો કાયદેસર રીતે કલમ-૬૫ના માપદંડોને પૂર્ણ કરતા નથી, અને પરિણામે કથિત દસ્તાવેજો ની વિગતો, અસ્તિત્વ અને ખરાઇ અંગે ફરીયાદપક્ષનો આધાર વધુ શંકાસ્પદ અને નબળો બને છે.

જ્યારે કોઈ દસ્તાવેજની ખરાઇ, પ્રામાણિકતા અથવા તેની વિગતો જ વિવાદનો મુખ્ય મુદ્દો હોય, ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫ મુજબ મૂળ દસ્તાવેજ રજૂ કરવો આવશ્યક બને છે, સિવાય કે કાયદેસર રીતે ગૌણ પુરાવા *(secondary*

*evidence)* સ્વીકારવા માટે જરૂરી તત્વો સ્થાપિત કરવામાં આવ્યા હોય. વર્તમાન કેસમાં, ન તો મૂળ દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા છે અને ન તો તેમની ગેરહાજરી અંગે કલમ-૬૫ મુજબનું કોઈ સંતોષકારક કારણ રેકર્ડ પર મૂકવામાં આવ્યું છે.

આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલત ના તાજેતર ના ***Tharammel Peethambaran Versus T. Ushakrishnan***[4] ચુકાદાને ધ્યાને લેવો જરૂરી છે,

20. The broad parameters summarising the procedure to be followed for introducing secondary evidence are reiterated and read thus:
20.1 The fundamental principle of the Indian Evidence Act is that facts have to be established by primary evidence [Jagmail Singh v. Karamjit Singh, (2020) 5 SCC 178. (Para 14)]. Section 64 mandates that documents must be proved by primary evidence, which is considered the best evidence. Primary evidence is the rule, while secondary evidence is an exception admissible only in the absence of primary evidence. A party is generally required to produce the best evidence available; so long as the superior evidence (the original) is within a party's possession or reach, they cannot introduce inferior proof (secondary evidence). [Smt. J. Yashoda v. K. Shobha Rani (2007) 5 SCC 730]
20.2 Before secondary evidence can be admitted, the party relying on it must lay a factual foundation. This involves two steps: First, the party must prove that the original document actually existed and was executed. Secondly, the party must establish valid reasons as to why the original cannot be furnished. [Ibid; Kaliya v. State of Madhya Pradesh, (2013) 10 SCC 758]
20.3 Secondary evidence is inadmissible until the non-production of the original is accounted for in a manner that brings the case within the specific exceptions provided in Section 65. [H. Siddiqui (D) By Lrs. v. A. Ramalingam AIR (2011) SC 1492] If the original itself is found to be inadmissible through failure of the party who files it to prove it to be valid, the same party is not entitled to introduce secondary evidence of its contents. [Smt. J. Yashoda v. K. Shobha Rani (2007) 5 SCC 730]
20.4 Section 65 of the Evidence Act is exhaustive and states the specific circumstances under which secondary evidence is permissible. To introduce secondary evidence, a party must satisfy the conditions of one of the clauses (a) through (g) of Section 65. [Ashok Dulichand v. Madahavlal Dube and Another (1975) 4 SCC 664]
20.5 Further, admitting a document as secondary evidence does not automatically prove its contents. The secondary evidence must be authenticated by foundational evidence showing that the alleged copy is, in fact, a true copy of the original. For instance, if a party wishes to introduce a photostat copy, they must explain the circumstances under which the copy was prepared and who possessed the original at the time the photograph was taken. [Chandra v. M. Thangamuthu, (2010) 9 SCC 712]

---

4 2026 (0) AIJEL-SC 76571

20.6 Mere admission of a document or making it an exhibit does not dispense with the requirement of proving it in accordance with the law. The court has an obligation to examine the probative value of the document and decide the question of admissibility before making an endorsement on the secondary evidence. If the foundational facts, such as the loss of the original or the explanation for its non-production, are not established, the court cannot legally allow the party to adduce secondary evidence. [Rakesh Mohindra v. Anita Beri, (2016) 16 SCC 483]
20.7 There is no requirement that an application must be filed to lead secondary evidence. While a party may choose to file such an application, secondary evidence cannot be ousted solely because no application was filed. It is sufficient if the party lays the necessary factual foundation for Condition for Secondary Evidence Statutory Clause Type of Secondary Evidence Allowed Adversary Possession Section 65(a) Any secondary evidence (after notice). Written Admission Section 65(b) The written admission itself. Loss or Destruction Section 65(c) Any secondary evidence. Immovable Original Section 65(d) Any secondary evidence. Public Document Section 65(e) Only a certified copy. Law-Specified Document Section 65(f) Only a certified copy. Voluminous Records Section 65(g) Testimony of a skilled examiner leading secondary evidence either in the pleadings or during the course of evidence. [Dhanpat v. Sheo Ram 2020 (16) SCC 209]

આ સંદર્ભે કાયદાનો સ્થિર સિદ્ધાંત એવો છે કે દસ્તાવેજની પુરાવાની ખરાઈ જ વિવાદનો મુખ્ય વિષય હોય, ત્યારે પ્રાથમિક પુરાવા રૂપે મૂળ દસ્તાવેજ રજૂ કરવો આવશ્યક છે અને માત્ર ત્યારે જ ગૌણ પુરાવા તરફ વળી શકાય, જ્યારે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૬૫ હેઠળ આવતી પરિસ્થિતિઓ માટે જરૂરી પાયો પહેલા પુરાવાથી સ્થાપિત કરવામાં આવ્યો હોય. નામદાર સર્વોચ્ચ અદાલતે ***H.Siddiqui (Dead) By Lrs. Versus A.Ramalingam***[5], પેરા 10 માં સ્પષ્ટ કર્યું છે કે

10. Provisions of Sec. 65 of the Act 1872 provide for permitting the parties to adduce secondary evidence. However, such a course is subject to a large number of limitations. In a case where original documents are not produced at any time, nor, any factual foundation has been led for giving secondary evidence, it is not permissible for the Court to allow a party to adduce secondary evidence. Thus, secondary evidence relating to the contents of a document is inadmissible, until the non production of the original is accounted for, so as to bring it within one or other of the cases provided for in the section. The secondary evidence must be authenticated by foundational evidence that the alleged copy is in fact a true copy of the original. Mere admission of a document in evidence does not amount to its proof. Therefore, the documentary evidence is required to be proved in accordance with law. The Court has an obligation to decide the question of

---

[5] 2011 (0) AIJEL-SC 49506

admissibility of a document in secondary evidence before making endorsement thereon. (Vide: The Roman Catholilc Mission & Anr. V/s. The State of Madras & Anr., AIR 1966 SC 1457; State of Rajasthan & Ors. v. Khemraj & Ors., AIR 2000 SC 1759; Life Insurance Corporation of India & Anr. v. Ram Pal Singh Bisen, (2010) 4 SCC 491; and M. Chandra V/s. M. Thangamuthu & Anr., (2010) 9 SCC 712).

આમ, મૂળ દસ્તાવેજ રજૂ થતો ન હોય અને ગૌણ પુરાવા માટે રજૂ કરવા માટે કોઈ યોગ્ય કરણ રજૂ કરવામાં આવેલ ના હોય, તો એવા ગૌણ પુરાવા સ્વીકાર્ય નથી. આ કામે રજૂ દસ્તાવેજો ખરેખર અસલ ની સાચી નકલ છે તે પણ યોગ્ય પુરાવા થી સાબિત થવું આવશ્યક છે. તેવી જ રીતે ***J.Yashoda Versus K.Shobha Rani***[6] ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે કલમ ૬૫ ની શરતો પૂર્ણ થયા વિના ફોટોકૉપી કે નકલને ગૌણ પુરાવા તરીકે માન્યતા આપી શકાય નહિ. તેથી, મૂળ દસ્તાવેજ કેમ હાજર નથી, તે કોના કબજામાં હતું, તેને મેળવવાના શું પ્રયત્નો થયા, અને હવે જે નકલ રજૂ થાય છે તે મૂળ સાથે સરખાવી તૈયાર થયેલી સાચી નકલ છે કે નહીં આ તમામ બાબતો પુરાવાથી સાબિત થયા વિના નકલ ને પુરવાર ગણી શકાય નહીં.

વધુમાં, આ કેસમાં ફરીયાદપક્ષ દ્વારા સહકારી મંડળીના હિસાબોમાં કથિત ગેરરીતિઓ થયાનું આક્ષેપ કરવામાં આવ્યો છે, છતાં પણ નોંધનીય બાબત એ છે કે કોઈપણ વર્ષનો નિયમિત ઓડિટ અહેવાલ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો નથી. સહકારી સંસ્થાઓના કારોબારમાં થયેલી નાણાકીય ગેરરીતિઓ, બાકી લેણાં અથવા હિસાબી તફાવતો અંગેનો સૌથી વિશ્વસનીય અને સત્તાવાર દસ્તાવેજ ઓડિટ અહેવાલ ગણાય છે, કારણ કે તે મંડળીના હિસાબોની તપાસ કરીને કાયદેસર રીતે નિમણૂક કરાયેલા ઓડિટર દ્વારા તૈયાર કરવામાં આવે છે. જો વાસ્તવમાં મંડળીના હિસાબોમાં ગંભીર અનિયમિતતાઓ અથવા બાકી લેણાં અંગે તફાવત હોય, તો તે બાબત ઓડિટ અહેવાલમાં પ્રતિબિંબિત થવાની સ્વાભાવિક અપેક્ષા રહે છે. આવી પરિસ્થિતિમાં કોઈપણ વર્ષનો ઓડિટ અહેવાલ અદાલત સમક્ષ રજૂ ન થવાથી ફરીયાદપક્ષના આક્ષેપોને દસ્તાવેજી આધાર મળતો નથી અને મંડળીના હિસાબોમાં દર્શાવાયેલ બાકી

---

[6] 2007 (0) AIJEL-SC 39101

લેણાં અથવા ગેરરીતિઓ અંગે નિશ્ચિત અને વિશ્વસનીય નિષ્કર્ષ પર પહોંચવું મુશ્કેલ બની જાય છે. તેથી, ઓડિટ અહેવાલ જેવા મૂળભૂત અને સત્તાવાર દસ્તાવેજના અભાવે ફરીયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ ગેરરીતિઓના આક્ષેપોને સાવધાનીપૂર્વક પરખવાની આવશ્યકતા ઉભી થાય છે.

આ પ્રકારના કેસમાં કથિત ધિરાણ પત્રકો માત્ર એક સાદો કાગળ નથી, પરંતુ સમગ્ર આરોપની મૂળભૂત વિષયવસ્તુ છે તેથી તેની કસ્ટડી, સ્ત્રોત, જપ્તી અને અદાલત સમક્ષ રજૂઆતની પ્રક્રિયા નિર્વિવાદ રીતે સાબિત થવી આવશ્યક બને છે. સામાન્ય રીતે આવા પત્રકોનું મૂળ સ્ત્રોત સહકારી મંડળીનો સત્તાવાર રેકોર્ડ, ઇશ્યુ રજિસ્ટર, ડિસ્પેચ નોંધ, કાઉન્ટરફોઇલ, સંબંધિત સભાસદની લોન ફાઇલ અથવા તે પ્રમાણપત્ર ધારક વ્યક્તિનો કબજો હોય શકે. આવી પરિસ્થિતિમાં તપાસ એ દિશામાં થવી જોઇએ કે મૂળ પત્રક કોણે આપ્યું, કઈ તારીખે આપ્યું, મંડળીના કયા સત્તાવાર રેકોર્ડમાં તેની નોંધ છે, તે કોણ પાસેથી મેળવવામાં આવ્યું, કઈ રીતે જપ્ત થયું, જપ્તી પછી તેની કસ્ટડી કેવી રીતે જળવાઈ વગેરે. જ્યારે કેસનો આધાર જ આવા દસ્તાવેજ ઉપર હોય, ત્યારે માત્ર અનુગામી પત્રવ્યવહાર, હિસાબી અંદાજો અથવા પછીથી લખાયેલા પત્રો દ્વારા મૂળ પ્રમાણપત્રનું અસ્તિત્વ, તેની વિગતો અને તેની પ્રામાણિકતા પુરવાર કરી શકાય નહિ. આવી પરિસ્થિતિમાં મૂળ ધિરાણ પત્રકો અદાલત સમક્ષ રજૂ થવું અને તેની કાયદેસર સાબિતી થવી ફરીયાદપક્ષની ફરજ છે.

**(૧૨.૩) સભાસદોના બાકી ધિરાણનો ચોક્કસ હિસાબ**

ફરીયાદપક્ષના સમગ્ર કેસનું મૂળભૂત આધાર એ ધારણા પર ઊભો છે કે આરોપીઓએ ગેરકાયદેસર રીતે મૃત સભાસદોના નામ પર ખોટા દસ્તાવેજો બનાવી નાણાં ઉપાડેલ છે. આ ધારણા પુરવાર કરવા માટે, ફરીયાદપક્ષે દરેક સંબંધિત સભાસદ અંગે સ્પષ્ટ, ચોક્કસ અને દસ્તાવેજીકૃત નાણાકીય હિસાબ રજૂ કરવો આવશ્યક બનતો હતો.

વર્તમાન કેસમાં, ફરીયાદપક્ષ દ્વારા માર્ક- બી થી ધિરાણ પત્રકો રજુ રાખેલ છે. આ પત્રકના અવલોકન પરથી એવું જણાય છે કે તે તપાસ દરમ્યાન તૈયાર કરાયેલ એક સારાંશ જેવું દસ્તાવેજ છે, જેમાં વિવિધ સભાસદોના નામ સામે બાકી રકમ દર્શાવવામાં આવી છે અને આખો દસ્તાવેજ હાથથી લખવામાં આવેલ છે. પરંતુ, આ પત્રકને આધારભૂત બનાવવા માટે જરૂરી એવા મૂળ ધિરાણ રેકોર્ડ્સ, હપ્તાવારી ચુકવણીની વિગતો, ખાતાવહી અથવા રસીદો રેકર્ડ પર મૂકવામાં આવ્યા હોવાનું દેખાતું નથી.

આથી, અદાલત નોંધે છે કે માર્ક- બી જેવા પત્રક દ્વારા માત્ર એક સારાંશ રજૂ થાય છે, પરંતુ તે સારાંશ પાછળ રહેલા મૂળ નાણાકીય દસ્તાવેજો અને સ્વતંત્ર પુરાવા વિના, દરેક સભાસદ પર ચોક્કસ તારીખે ચોક્કસ રકમ બાકી હતી તે બાબતની ખાતરીપૂર્વક તપાસ શક્ય બનતી નથી. નાણાકીય ગુનાઓમાં અનુમાન અથવા સામાન્ય નિવેદનો પૂરતા નથી, ચોક્કસ આંકડાઓ અને દસ્તાવેજી હિસાબો જરૂરી બને છે.

અત્રે, કોર્ટ નું માનવું છે કે નાણાંકીય દુરુપયોગ અથવા ઠગાઈના કેસોમાં ચોક્કસ, દસ્તાવેજીકૃત અને સાક્ષાંકિત હિસાબો રજૂ થવા આવશ્યક છે, કારણ કે આવા કેસોમાં નાણાંકીય વ્યવહારોની સ્પષ્ટતા અને પારદર્શકતા ગુનાની સ્થાપનામાં કેન્દ્રીય ભૂમિકા ભજવે છે.

વર્તમાન કેસમાં, દરેક સંબંધિત સભાસદ અંગે અલગ-અલગ રીતે ધિરાણની સ્થિતિ દર્શાવતા મૂળ દસ્તાવેજોની ગેરહાજરી, ફરીયાદપક્ષના આક્ષેપને પુરાવાત્મક રીતે મજબૂત બનાવવામાં અડચણરૂપ બની રહે છે.

**(૧૨.૪) કથિત ગેરકાયદેસર લાભ મેળવ્યાનો પુરાવો**

ઠગાઈના ગુનામાં કાયદા દ્વારા નિર્ધારિત એક આવશ્યક ઘટક એ છે કે આરોપીએ બેઇમાનીથી કોઇ મિલકત, લાભ અથવા કિમતી જામીનગીરી મેળવી હોય અથવા મેળવવાનો પ્રયાસ કર્યો હોય. માત્ર ખોટી રજૂઆત અથવા ખોટો દસ્તાવેજ બનાવવાનો આક્ષેપ પૂરતો નથી પરંતુ, તેમાંથી આરોપીને કે અન્ય કોઈને ગેરકાયદેસર

લાભ થયો હોવો અથવા થવાનો ઇરાદો સાબિત થવો જરૂરી બને છે.

વર્તમાન કેસના સમગ્ર રેકર્ડ અને પુરાવાનો અભ્યાસ કરતાં એવું સ્પષ્ટપણે જણાતું નથી કે આરોપી નં.૧ અથવા આરોપી નં.૨ એ કથિત રકમો નો ઉપાડ કરેલ હોય કે પ્રકારનો ગેરકાયદેસર લાભ મેળવ્યો હોય. રેકર્ડ પર એવો કોઈ પુરાવો રજૂ થયો નથી કે જેમાં દર્શાવાય કે આરોપીઓએ સભાસદો ના નામે ખોટ દસ્તાવેજ ઉભા કરી કોઈ ખોટો લાભ મેદવેલ હોય. તે જ રીતે, એવો પણ કોઈ પુરાવો નથી કે આરોપી આવી રકમ પોતાના અંગત ખર્ચ માં વાપરી મંડળી સાથે છેતરપિંડી કરેલ હોય.

ફરીયાદપક્ષનો મુખ્ય આક્ષેપ એ છે કે આવા ખોટ દસ્તાવેજોનો ઉપયોગ કરી ખોટી રીતે પૈસા ઉપડવામાં આવેલા અને તેના કારણે મંડળીના નાણાં ડુબાડવામાં આવ્યા અથવા ડુબાડવામાં આવ્યા. તેમ છતાં, પુરાવાના મૂલ્યાંકન પરથી એ બાબત સ્પષ્ટ થતી નથી કે આ કથિત નુકસાનમાંથી આરોપીઓને વ્યક્તિગત રીતે કેવી રીતે અથવા કેટલો લાભ થયો. ઠગાઈના ગુનામાં, માત્ર તૃતીય પક્ષને નુકસાન થવું પૂરતું નથી પણ, આરોપીના બેઇમાન ઇરાદા સાથે જોડાયેલ લાભ મેળવવાનો તત્વ પણ સ્થાપિત થવું જરૂરી બને છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે ***Hridaya Ranjan Pd.Verma Versus State Of Bihar*** [7] ના ચુકાદામાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે

15. On a reading of the section it is manifest that in the definition there are set-forth two separate classes of acts which the persons deceived may be induced to do. In the first place he may be induced fraudulently or dishonestly to deliver any property to any person. The second class of acts set-forth in the section is the doing or omitting to do anything which the person deceived would not do or omit to do if he were not so deceived. In the first class of cases the inducing must be fraudulent or dishonest. In the second class of acts, the inducing must be intentional but not fraudulent or dishonest.

ઠગાઈ નાગુનામાં બેઇમાનીથી લાભ મેળવવાનો ઇરાદો (mens rea) અને તે લાભ ખરેખર મેળવવામાં આવ્યો હોય અથવા મેળવવાનો પ્રયાસ થયો હોય તે બંને તત્વો સાબિત થવા આવશ્યક છે.

---

[7] 2000 (0) AIJEL-SC 11346

વર્તમાન કેસમાં, આરોપીઓએ વ્યક્તિગત રીતે કોઈ ગેરકાયદેસર લાભ મેળવ્યો હોવાનો સીધો અથવા પરોક્ષ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ નથી. આ હકીકત, પુરાવાના મૂલ્યાંકન દરમ્યાન, આરોપોના આવશ્યક ઘટકોના સંદર્ભમાં એક મહત્વપૂર્ણ પરિબળ તરીકે ધ્યાનમાં લેવાય તેવી છે.

**(૧૨.૫) કપટપૂર્ણ ઇરાદાનો પુરાવો**

ઠગાઈના ગુનામાં કાયદાનો સ્થિર સિદ્ધાંત એવો છે કે માત્ર પરિણામરૂપ નુકસાન અથવા વહીવટી અનિયમિતતા પૂરતી નથી; પરંતુ આરોપી નું ગુનાહિત માનસ અર્થાત્ આરંભથી જ કપટપૂર્ણ અને બેઇમાન ઇરાદો, સ્પષ્ટ રીતે સાબિત થવો આવશ્યક છે. દોષિત ઇરાદો ગુનાનું મૂળ છે, અને જો તે પુરાવાના તત્વ થી સ્થાપિત ન થાય, તો માત્ર પરિસ્થિતિજન્ય શંકા અથવા અનુમાનના આધારે ફોજદારી જવાબદારી નિશ્ચિત કરી શકાતી નથી.

વર્તમાન કેસના પુરાવાનો અભ્યાસ કરતાં એવું જણાય છે કે ફરીયાદપક્ષનો મુખ્ય ભાર એ દલીલ પર છે કે આરોપીઓ સહકારી મંડળીના અધિકારીઓ તરીકે કાર્યરત હતા અને તેમણે ધિરાણ પત્રકો આપ્યા, જ્યારે હકીકતમાં મંડળીનું ધિરાણ બાકી હતું. પરંતુ આ હકીકત પરથી આપમેળે એવો નિષ્કર્ષ કાઢી શકાય નહીં કે આરોપીઓએ મંડળીના નાણાં ડુબાડવાનો અથવા બેઇમાનીથી લાભ મેળવવાનો ઇરાદો રાખ્યો હતો.

કેસ રેકોર્ડ પરથી એવું પણ સ્પષ્ટ નથી થતું કે આરોપીઓને ચોક્કસ તારીખે ચોક્કસ સભાસદોના બાકી ધિરાણની સંપૂર્ણ જાણકારી હતી અને તેમ છતાં તેમણે જાણબૂઝીને ખોટા દાખલાઓ આપ્યા.

આથી, ઉપલબ્ધ પુરાવાના આધારે આ અદાલત એ હકીકત સાથે સંમત છે કે આરંભથી જ કપટ કરવા, બેઇમાનીથી કાર્ય કરવા અને સરકારી નાણાં ડુબાડવાનો સ્પષ્ટ અને નિર્ધારિત ઇરાદો હતો તે બાબતે ફરીયાદપક્ષ તરફથી કોઈ નિર્ણાયક, સ્વતંત્ર અને

અસરકારક પુરાવો રેકર્ડ પર ઉપસ્થિત થતો નથી. આ હકીકત પુરાવાના મૂલ્યાંકન દરમ્યાન મહત્વપૂર્ણ પરિબળ તરીકે ધ્યાનમાં લેવામાં આવેલ છે.

**(૧૨.૬) સાક્ષીઓનો પુરાવો**

આ કામે આંક ૫૧ થી વિરભદ્રસિંહ ખોડુભા વાઘેલાનાઓની સોગંદ ઉપર જુબાની નોંધવામાં આવેલ છે. જેમાં તેઓ દ્વારા મરણ ગયેલા સભાસદો કે જેના નામો પર ખોટી રીતે ધિરાણ લેવામાં આવેલ હોવાના આક્ષેપ કરવામાં આવેલા છે તેમના જન્મ મરણના દાખલા અસલ સ્વરૂપે રજૂ કરવામાં આવેલા નથી. તે અંગે કોઇ તલાટી કમ મંત્રીનું નિવેદન લીધેલું નથી કે કોઇ જન્મમરણ અધિકારીઓનું પણ નિવેદન લીધેલુ નથી.અહીં તેઓએ પોતાની જુબાનીમાં કરેલા સ્વીકાર મુજબ, અસલ દસ્તાવેજી આધારોની એક કાર્બન કોપી તેઓએ પોતાની પાસે રાખવાની હોય છે.તેમ છતાં આ કામે આવી કોઇ કાર્બન કોપી કોર્ટમાં રજૂ કરેલ નથી. વધુમાં ધિરાણ મેળવ્યા અંગેની પાવતીઓ અને ધિરાણ ચૂકતે કર્યાની અંગેની કોઇ પાવતી પણ આ કામે રજૂ નથી.રેકોર્ડ નાશ થયેલ હોય કે ખોવાઇ ગયેલ હોય તે અંગેની પણકોઇ હકીકત આ કામે રેકોર્ડ પર લાવવામાં આવેલ નથી જેથી આ તમામ કારણોસર, સદર સાહેદની જુબાની ફરિયાદ પક્ષને સમર્થન કરતા જણાઇ આવતી નથી અને આ કોર્ટનું દ્રઢપણે માનવું છે કે ફરિયાદ પક્ષ આ સાહેદ ની જુબાની થકી પોતાનો પક્ષ કોર્ટ સામે મૂકવા માટે નિષ્ફળ રહે છે.

વધુમાં આંક-૬૫ થી તપાસ કરનાર અમલદારની જુબાની રેકર્ડ ઉપર છે.જેમાં તેમના દ્વારા મહત્વની હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે કે, આ કામે તપાસ દરમિયાન તેમના દ્વારા કોઈ અસલ કાગળો કોર્ટમાં જમા રાખવામાં આવેલા નથી.વધુમાં આ કામે ઉચાપતની રકમ તપાસ દરમિયાન મળી આવેલ નથી. આથી આરોપીઓ દ્વારા જ જો આ પ્રકારનું કોઈ કૃત્ય કરવામાં આવેલ હોત તો તેમના બેંક એકાઉન્ટ કે અન્ય ખાતાની વિગતો આ કામે મેળવી રજૂ રાખવામાં આવેલ હોય.તે સ્વાભાવિક છે.પરંતુ તપાસ કરતા અમલદાર દ્વારા આવી કોઈ હકીકત રેકોર્ડ ઉપર મુકવામાં આવેલ નથી.

તપાસ કરનાર અમલદારને મંડળીના કુલ સભ્યો અને તેમાં કઈ વ્યક્તિ કયા હોદ્દા પર હતી તે અંગે પણ કોઈ જાણ નથી. આ કારણે તેઓ દ્વારા કરવામાં આવેલ તપાસ ક્ષતિ પૂર્ણ હોય તેવું સ્પષ્ટ જણાઇ આવે છે. અને મંડળીના જે કટોસણ શાખા બેંકમાં ખાતુ આવેલ છે કે બેંકના કોઈ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલા નથી કે બેંકના અધિકારીના નિવેદન પણ લીધેલા નથી. આમ આ તમામ હકીકતો એકીસાથે ધ્યાને લેતા તપાસ કરનાર અમલદારની જુબાનીથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

**(૧૩) શંકાનો લાભનો સિદ્ધાંતઃ-**

ફોજદારી કાયદામાં આરોપ સાબિત કરવાનો ભાર સંપૂર્ણપણે ફરીયાદપક્ષ ઉપર રહે છે અને સાબિતીનું ધોરણ વાજબી શંકા થી પરે છે. આ ધોરણનો અર્થ એ નથી કે દરેક સંભવિત અથવા કલ્પિત શંકા સંપૂર્ણપણે દૂર થવી જોઇએ પરંતુ તેનો અર્થ એ છે કે એવી કોઈ વાજબી અને તર્કસંગત શંકા બાકી ન રહે જે સામાન્ય સમજવાળા વ્યક્તિના મનમાં આરોપીની દોષિતતા અંગે શંકા ઉત્પન્ન કરે.

નામદાર સર્વોચ્ચ અદાલતે ***Kali Ram Versus State Of Himachal Pradesh***[8], ના ચુકાદામાં આ સિદ્ધાંતને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કર્યો છે કે વાજબી શંકા એવી હોવી જોઇએ જે સામાન્ય સમજદારીવાળા વ્યક્તિને અપીલ કરે અને જેને તર્કસંગત આધાર મળે. કાલ્પનિક, અનુમાન આધારિત અથવા કાવતરાવાળી શંકાઓને વાજબી શંકા ગણાવી શકાય નહીં. આ સિદ્ધાંતનો ઉદ્દેશ એ છે કે ફોજદારી દોષસિદ્ધિ માત્ર મજબૂત, વિશ્વસનીય અને નિર્દોષતા સાથે અસંગત પુરાવા પર જ આધારિત હોવી જોઇએ.

**(૧૪) શંકાનો લાભ આપવાના સિદ્ધાંતો**

ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક મૂળભૂત અને સુવર્ણ સિદ્ધાંત એ છે કે જ્યારે

---

[8] 1973 (0) AIJEL-SC 13703

પુરાવા પરથી બે દૃષ્ટિકોણ શક્ય હોય એક આરોપીની દોષિતતા તરફ દોરી જાય અને બીજો તેની નિર્દોષતા તરફ તો અદાલતે નિર્દોષતાવાળા દૃષ્ટિકોણને અપનાવવો જોઇએ. આ સિદ્ધાંત માત્ર તકનીકી નિયમ નથી, પરંતુ ફોજદારી કાયદાના નૈતિક અને ન્યાયિક આધારસ્તંભોમાંનો એક છે. કારણ કે ફોજદારી દોષસિદ્ધિના પરિણામો ગંભીર હોય છે એટલે અદાલતે દોષિત ઠરાવતાં પહેલાં પુરાવા અંગે પૂર્ણ નિશ્ચિતતા હોવી આવશ્યક છે.

**(૧૫) દરેક આરોપ પર નિષ્કર્ષોઃ-**

**(૧૫.૧) ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૦ (ઠગાઈ)**

કલમ-૪૨૦ હેઠળ દોષિતતા માટે ફરીયાદપક્ષે નીચે દર્શાવેલા આવશ્યક ઘટકો વાજબી શંકા બહાર સાબિત કરવાના રહે છે:

(૧) કપટપૂર્ણ અથવા બેઇમાનીપૂર્વક છેતરવું,

(૨) છેતરાયેલ વ્યક્તિને મિલકત પ્રદાન કરવા માટે પ્રેરવું,

(૩) છેતરનાર દ્વારા મિલકત અથવા લાભ પ્રાપ્ત કરવો, અને

(૪) આરંભથી જ બેઇમાનીથી પ્રેરવાનો ઇરાદો.

ઉપરના તમામ મુદ્દાઓ અંગે પુરાવાનું મૂલ્યાંકન કરતાં અદાલત નોંધે છે કે ફરીયાદપક્ષ તરફથી કપટપૂર્ણ અથવા બેઇમાનીપૂર્વક છેતરવાનું સ્પષ્ટ અને સ્વતંત્ર પુરાવાથી સ્થાપિત થયું નથી. એ જ રીતે, આરોપીઓએ કોઈ વ્યક્તિને પોતાની મિલકત પ્રદાન કરવા માટે પ્રેર્યા હોવાનો કે પોતે કોઈ મિલકત અથવા વ્યક્તિગત લાભ મેળવ્યો હોવાનો પણ કોઈ પુરાવો ઉપલબ્ધ નથી. સૌથી મહત્વનું, આરંભથી જ બેઇમાની અને કપટપૂર્ણ ઇરાદો હતો તે બાબત પુરાવાથી સાબિત થતી નથી.

આથી, ફરીયાદપક્ષ ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૦ હેઠળના આવશ્યક ઘટકો વાજબી શંકા વગર સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે. પરિણામે, આરોપીઓને કલમ-૪૨૦ હેઠળના આરોપમાંથી શંકાનો લાભ આપવો યોગ્ય જણાઈ આવે છે.

**(૧૫.૨) ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૭ (ખોટા દસ્તાવેજ બનાવવાનો ગુનો)**

કલમ-૪૬૫ હેઠળ દોષિતતા માટે ફરીયાદપક્ષે એ સાબિત કરવું આવશ્યક હતું કે:

(૧) આરોપીઓએ કોઈ દસ્તાવેજ બનાવ્યો,

(૨) તે દસ્તાવેજ ખોટો હોવાનું તેમને જાણતું હતું, અને

(૩) તે દસ્તાવેજ બનાવવાનો ઇરાદો કોઈને નુકસાન પહોંચાડવાનો હતો.

વર્તમાન કેસમાં, કથિત ખોટા દસ્તાવેજો તેમના મૂળ સ્વરૂપે અદાલતમાં રજૂ થયા નથી. જ્યારે દસ્તાવેજની વિગતો અને ખરાઇ જ વિવાદનો મુખ્ય વિષય હોય, ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫ મુજબ મૂળ દસ્તાવેજ રજૂ કરવો આવશ્યક બને છે. આ કાનૂની આવશ્યકતા અહીં પૂરી થતી નથી. વધુમાં, દસ્તાવેજો બનાવટી હોવાનું સાબિત કરવા માટે કોઈ ફોરેન્સિક પરીક્ષણ કરવામાં આવ્યું નથી.

આ પરિસ્થિતિમાં, દસ્તાવેજ બનાવવામાં આવ્યો અને તે ખોટો હોવાનું આરોપીઓની જાણમાં હતું જેવા મૂળભૂત ઘટકો જ પુરાવાથી સ્થાપિત થતા નથી. તેથી, ફરીયાદપક્ષ કલમ-૪૬૫ હેઠળનો ગુનો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે. પરિણામે, આરોપીઓને આ આરોપમાંથી પણ પુરાવના અભાવે શંકા નો લાભ આપવો યોગ્ય જણાય છે.

**(૧૫.૩) ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૮ (ઠગાઈના હેતુથી ખોટા દસ્તાવેજ બનાવવાનો ગુનો)**

કલમ-૪૬૮ લાગુ થવા માટે પ્રથમ કલમ-૪૬૫ના તમામ આવશ્યક ઘટકો સાબિત થવા જરૂરી છે, તેમજ વધારામાં એ પણ સાબિત થવું જોઈએ કે ખોટો દસ્તાવેજ ઠગાઈના હેતુથી બનાવવામાં આવ્યો હતો.

ઉપર કલમ-૪૬૫ સંદર્ભે થયેલ ચર્ચામાં સ્પષ્ટ થયું છે કે ખોટો દસ્તાવેજ બનાવવામાં આવ્યો હતો તે બાબત જ પુરાવાથી સાબિત થતી નથી. જ્યારે મૂળભૂત ઘટકો જ સાબિત ન થાય, ત્યારે કલમ-૪૬૮નો વધુ ગંભીર ગુનો આપમેળે સાબિત થઈ

શકે નહીં. ઉપરાંત, ઠગાઈનો આરંભથી જ બેઇમાન ઇરાદો હતો તે બાબત પણ પુરાવાથી સ્થાપિત થતી નથી.

આથી, ફરીયાદપક્ષ કલમ-૪૬૮ હેઠળનો ગુનો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે, અને આરોપીઓને આ આરોપમાંથી પણ શંકા નો લાભ આપી છોડી મૂકવા ન્યાયસંગત જણાય છે.

**(૧૫.૪) કલમ-૪૭૧ – બનાવટી દસ્તાવેજ સાચા તરીકે વાપરવો**

ઉપરોક્ત કરેલી ચર્ચા અનુસાર જ જ્યારે કલમ 465 મુજબના આવશ્યક તત્વો પૂર્ણ થતા ન હોય અને કલમ 468 પણ પુરાવાથી સાબિત થઈ શકે ન હોય.ત્યારે કલમ 471 મુજબ હકીકત પર.પુરાવાથી સાબિત થઈ શકેલ નથી.ફરિયાદ પક્ષ.કલમ 471 મુજબના ગુનો પણ સાબિત કરવા માટે નિષ્ફળ રહ્યું છે અને આ આરોપમાંથી પણ આરોપીઓની શંકાનો લાભ મળવાપાત્ર જણાઈ આવે છે.

**(૧૫.૫) ભારતીય દંડ સંહિતાની કલમ-૧૧૪ (મદદગારી)**

વર્તમાન કેસમાં, ઉપર ચર્ચા કર્યા મુજબ મુખ્ય ગુનાઓ (કલમ-૪૨૦, ૪૬૫, ૪૬૮) પૈકી કોઈપણ ગુનો પુરાવાથી વાજબી શંકા બહાર સાબિત થયો નથી. જ્યારે મુખ્ય ગુનો જ સાબિત ન થાય, ત્યારે મદદગારી માટે દોષસિદ્ધિ કાયદેસર રીતે ટકી શકતી નથી. ઉપરાંત, કેસ રેકોર્ડમાં એ પણ સ્પષ્ટ નથી કે કયા આરોપીએ મુખ્ય ગુનેગાર તરીકે કાર્ય કર્યું અને કોણે માત્ર મદદ કરી, અથવા કઈ ચોક્કસ કૃત્ય દ્વારા મદદગારી કરવામાં આવી. આથી, કલમ-૧૧૪ હેઠળનો આરોપ પણ સાબિત થતો નથી અને આરોપીઓને આ આરોપમાંથી શંકા નો લાભ આપવો ન્યાયસંગત જણાય છે.

**(૧૬) અંતિમ નિષ્કર્ષઃ-**

સમગ્ર પુરાવાનો ચોકસાઈપૂર્વક, તટસ્થ અને ન્યાયિક મૂલ્યાંકન કર્યા પછી

અદાલત આ અંતિમ નિષ્કર્ષ પર આવે છે કે ફરીયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધના તમામ આરોપો ભારતીય દંડ સંહિતાની કલમ- ૪૬૭,૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૧૪ વાજબી શંકા પરે સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે.

આ પરિસ્થિતિઓમાં, ફોજદારી કાયદાના સુસ્થાપિત અને સુવર્ણ સિદ્ધાંતોને અનુસરતાં, અદાલતનું સ્પષ્ટ મત છે કે આરોપીઓને શંકાનો લાભ આપવો યોગ્ય અને ન્યાયસંગત છે. જેથી તમામ ચર્ચા ના અંતે મુદ્દા નં. ૧ નો જવાબ નકાર માં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ::**

**૧.** આ કામના આરોપી **(૨)અંબાલાલ મગનલાલ વાળંદ** રહે. ભટારીયા,તા.દેત્રોજ,જિ.અમદાવાદનાઓનેક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ -૪૬૭,૪૬૮,૪૭૧, ૪૨૦, ૧૧૪ મુજબના ગુનાના કામે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠારાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીઓએ આપેલ જામીન છ માસ સુધી ચાલુ રાખવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૩ મી, માહે-એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
HARSH SHANTIBHAI
RATHOD
on 23/04/2026 16:47:05 IST.

**તારીખ- ૨૩-૦૪-૨૦૨૩**
**સ્થળ-દેત્રોજ**

**(હર્ષ શાંતીભાઇ રાઠોડ)**
**જ્યુડી.મેજી.ફ.ક., દેત્રોજ**
**કોડ નં. જી.જે.૦૧૭૭૪**

**વિરેન્દ્રસિંહ ડી.વાઘેલા**
**સ્ટેનોગ્રાફર**